CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ એપ્રિલ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૧૨ | અંક : ૨૪૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં મોટા મોટા વાયદા

### સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ ખડગે અને રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓની હાજરીમાં કોંગ્રેસ હેડક્વાર્ટરમાં ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું

## ખેડૂતોને મળશે MSP પર કાનૂની ગેરંટી, ૨૫ લાખ સુધીની સારવાર ફ્રી


। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડી દીધો. કોંગ્રેસે પોતાના ઘોષણાપત્રમાં અનેક વચનો આપ્યા છે. કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓની હાજરીમાં કોંગ્રેસ હેડક્વાર્ટરમાં ઘોષણા પત્ર બહાર પાડવામાં આવ્યું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ માહિતી આપતા કહ્યું કે ૨૦૨૪માં જો કેન્દ્રમાં અમારી સરકાર બને તો સરકાર ગરીબ પરિવારની મહિલાઓને દર વર્ષે એક લાખ રૂપિયાની મદદ આપશે. આ ઉપરાંત ખેડૂતોને પણ કરજમાફીનું વચન આપ્યું. કોગ્રેસે ચૂંટણી ઢંઢેરાને ન્યાયપત્ર નામ આપ્યું છે. ખાસ વાત એ છે કે મેનિફેસ્ટોના કવર પર પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સાથે રાહુલ ગાંધીની તસવીર પણ છે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અને પછાત વર્ગ દેશની વસ્તીના લગભગ ૭૦ ટકા જેટલા છે પરંતુ સારી નોકરીઓ અને સારા વ્યવસાયો તથા ઊંચા પદો પર તેમની ભાગીદારી ઓછી છે.

**ચૂંટણી ઢંઢેરામાં મોટા મોટા વચનો**

કોંગ્રેસ રાષ્ટ્રવ્યાપી આર્થિક-સામાજિક જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશે. તેના માધ્યમથી કોંગ્રેસ જાતિઓ, ઉપજાતિઓ, અને તેમની આર્થિક અને સામાજિક સ્થિતિની ભાળ મેળવશે. સ્થિતિ સુધારવા પગલાં ભરશે.

કોંગ્રેસ પાર્ટી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગ અને ગરીબ સામાન્ય વર્ગને મળતી અનામત પરથી ૫૦ ટકાની કેપ હટાવશે. કોંગ્રેસ




શિક્ષણ અને નોકરીઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ને મળતા ૧૦ ટકા અનામતને કોઈ પણ ભેદભાવ વગર તમામ જાતિઓ અને સમુદાયના લોકો પર લાગૂ કરશે. કોંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગ માટે અનામતના તમામ ખાલી પદોને એક વર્ષની અંદર ભરશે. વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ, અને દિવ્યાંગો માટે પેન્શનમાં કેન્દ્ર સરકારનું યોગદાન ફક્ત ૨૦૦-૫૦૦ રૂપિયા પ્રતિ માસ છે. કોંગ્રેસ આ પેન્શનની રકમ વધારીને ન્યૂનતમ ૧૦૦૦ રૂપિયા માસિક કરશે.

રાજસ્થાનમાં કોંગ્રેસ સરકાર દ્વારા લાગૂ કરાયેલી ચિરંજીવી યોજનાની જેમ દેશભરમાં ૨૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર માટે કેશલેસ વીમા યોજના લાગૂ કરાશે. કોંગ્રેસ ૨૫૦૦થી વધુ વસ્તીવાળા વિસ્તારમાં એક વધારાના આશા કાર્યકરની નિયુક્તિ કરશે.

ખેડૂતોને ટેકાના ભાવ (MSP) પર કાનૂની ગેરંટી મળશે.

કોંગ્રેસ આશા કાર્યકર, આંગણવાડી કાર્યકર, મધ્યાહન ભોજન રસોઈયા વગરે ફ્રન્ટ લાઈન સ્વાસ્થ્ય કાર્યકરોના માનદ વેતનમાં કેન્દ્ર સરકારનું યોગદાન બમણું કરશે.

પહેલી નોકરી પાક્કી ગેરંટી- કોગ્રેસ શિક્ષુ (અપ્રેન્ટિસ) એક્સ ૧૯૬૧ને હટાવીને અપ્રેન્ટિસશિપ અધિકાર અધિનિયમ લાવશે. આ કાયદો ૨૫ વર્ષથી ઓછી ઉંમરના પ્રત્યેક ડિપ્લોમા ધારક કે કોલેજ સ્નાતક માટે ખાનગી અને સરકારી ક્ષેત્રની કંપનીમાં એક વર્ષનો અપ્રેન્ટિસશિપ કાર્યક્રમ આપશે. આ કાયદા હેઠળ દરેક અપ્રેન્ટિસને એક લાખ રૂપિયાનું પ્રતિ વર્ષ વેતન આપવામાં આવશે જે નિયોક્તા કંપની અને સરકાર દ્વારા સમાન રીતે ભોગવવામાં આવશે. આ કાયદો યુવાઓને કૌશલ પ્રદાન કરશે, રોજગાર ક્ષમતા વધારશે અને કરોડો યુવાઓને નોકરીની તકો આપશે.

કોંગ્રેસ કેન્દ્ર સરકારમાં વિવિધ સ્તરો પર સ્વીકૃત લગભગ ૩૦ લાખ ખાલી પદો ભરશે. કોંગ્રેસ સ્ટાર્ટ અપ માટે ફંડ અને ફંડ્સ યોજનાનું પુર્નગઠન કરશે અને ઉપલબ્ધ ફંડના ૫૦ ટકા, ૫૦૦૦ કરોડ રૂપિયા જ્યાં સુધી શક્ય હોય દેશના તમામ જિલ્લાઓમાં સામાન રીતે ફાળવશે. જેથી કરીને દેશભરમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓને પોતાનો ધંધો શરૂ કરવા માટે ધન ઉપલબ્ધ કરાવી શકાય જેથી કરીને તેઓ પોતાના વેપારને વધારી શકે અને રોજગારની તકો ઉભી થાય.

### ન્યૂઝ બ્રિફ

### સંયુક્ત રાષ્ટ્રએ અમને કહેવાની જરૂર નથી : એસ.જયશંકર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સંયુક્ત રાષ્ટ્ર (UN)ના વરિષ્ઠ અધિકારીએ ભારતની ચૂંટણી (Lok Sabha Elections 2024) પર ટિપ્પણી કરતા વિદેશમંત્રી એસ.જયશંકરે કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ‘વિશ્વભરના કોઈપણ સંગઠનોએ અમને કહેવાની જરૂર નથી કે, ભારતમાં ચૂંટણી કેવી રીતે સ્વતંત્ર અને નિષ્પક્ષ થવી જોઈએ.’ થોડા દિવસ પહેલા જ સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ના મહાસચિવ સ્ટીફન દુજારિકે ભારતની ચૂંટણી પર ટિપ્પણીકરતાંકહ્યુંહતુંકે, ‘અમને અપેક્ષા છે કે, ભારતમાં યોજાનારી ચૂંટણીમાં અન્ય દેશોની જેમ રાજકીય અને નાગરિક અધિકારોનું રક્ષણ કરવામાંઆવશે જેથી દરેક વ્યક્તિ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં મતદાન કરી શકશે.’ લોકસભા ચૂંટણીમાં ભાજપ ઉમેદવાર રાજીવ ચંદ્રશેખરના પ્રચાર માટે તિરુવનંતપુરમ પહોંચેલા એસ. જયશંકરે કહ્યું કે, ‘ગત સપ્તાહે સંયુક્ત રાષ્ટ્રના અધિકારીએ એક પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય ચૂંટણી પર ટિપ્પણી કરી હતી.

### લોકો ઘરની બહાર દોડી આવ્યા

## હિમાચલના ચંબામાં ૫.૩ના મોટા ભૂકંપથી લોકોમાં ફફડાટ જોવા મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

હિમાચલના ચંબામાં ગુરુવારે રાતે એક મોટો ભૂકંપ આવ્યો હતો. ૫.૩ની તીવ્રતાનો મોટો ભૂકંપ આવતાં લોકોમાં ગભરાટની લાગણી ફેલાઈ હતી અને ભારે અફરાતફરી મચી હતી. લોકો જીવ લઈને ઘરની બહાર દોડ્યાં હતા. રાતે અચાનક ધરતી ડોલવા લાગતાં લોકો ઘરની બહાર દોડીને ખુલ્લી જગ્યામાં પહોંચી ગયાં હતા. થોડી વાર તો ભારે અંધાધૂંધી ફેલાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યાનુસાર ગુરુવાર રાતે ૯.૩૪ કલાકે ૫.૩ની તીવ્રતાનો મોટો ભૂકંપ ત્રાટક્યો હતો. સમગ્ર ઉત્તર ભારતના ભૂકંપના આંચકા અનુભવાયાં હતા. ચંબામાં આવેલા આ ભૂકંપથી જાનમાલને નુકશાનની કોઈ ખબર નથી. ઉત્તર ભારતમાં છેલ્લા ઘણા સમયથી રાતના સમયે ભૂકંપ ત્રાટકી રહ્યાં છે. ઉત્તર ભારતના રાજ્યો, દિલ્હી, હિમાચલ, ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર એક ખાસ પ્લેટ પર આવેલા છે અને ભૂકંપની દ્રષ્ટિએ સૌથી વધુ સંવેદનશીલ છે. આ પ્લેટ રાતના સમયે એકબીજા સાથે વધારે સમય સુધી અથડાતી હોય છે જેને કારણે રાતના સમયે ભૂકંપ અનુભવાય છે. કયો ભૂકંપ, કેટલો ખતરનાક ૭.૯ રિક્ટર સ્કેલ પર ભૂકંપ આવવા પર બિલ્ડીંગો ધરાશાયી થઈ જાય છે. ત્યારે ૨.૯ રિક્ટર સ્કેલ ભૂકંપ આવવા પર સામાન્ય ધ્રુજારી થાય છે. જ્યારે ૯ની તીવ્રતા પર તબાહી મચી જાય છે. આપણે બતાવીએ ભૂકંપની કેટલી તીવ્રતા આવાથી શું થઈ શકે અને તેની અસર કેવી થાય. ૦થી ૨ રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવતા તેની અસર ઓછી થાય છે. આંચકાનો અનુભવ થતો નથી. માત્ર સીઝ્મોગ્રાફથી જ જાણી શકાય છે. ૨થી ૨.૯ રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવવાથી સામાન્ય આંચકો અનુભવાય છે. થોડી અસર થાય છે. ૩થી ૩.૯ રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવતાં પંખા અને ઝુમર હલવા માંડે છે. આવા આંચકાથી વસ્તુઓ વેર વિખેર થઈ જાય છે. તમારી બાજુમાંથી કોઈ ટ્રક પસાર થયો હોય તેવી અસર થાય છે.

### રાજસ્થાનના ચૂરુંમાં બોલ્યા વડાપ્રધાન મોદી

## નવું ભારત ઘરમાં ઘુસીને મારે છે, અત્યાર સુધી જે થયું તે તો માત્ર ટ્રેલર

। (એજન્સી) ચુરુ, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના ચુરુમાં એક વિશાળ જનસભાને સંબોધી હતી.આ દરમિયાન પીએમએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું હતુ કે કોંગ્રેસે દેશને ખોખલો કરી દીધો છે. કોંગ્રેસને કારણે દેશની વિશ્વસનીયતા ઘટી છે. અગાઉની સરકારોએ માત્ર ઘર ભર્યું. પીએમ મોદીએ કહ્યું કે પડકારોનો સામનો કરવો એ આપણી તાકાત છે. અગાઉ સરકારી તિજોરી ખાલી રહેતી હતી. અમે સખત મહેનત દ્વારા પરિણામ લાવવામાં સફળ રહ્યા છે. આગામી લોકસભા ચૂંટણીને લઈને દેશનું રાજકારણ ગરમાયું છે. ત્યારે ચૂંટણી પહેલા પીએમ મોદી રાજસ્થાનના ચૂરુમાં પહોચ્યાં હતા ત્યાં તેમણે જનસભા સંબોધતા કહ્યું કે જે કામ આટલા દાયકામાં નથી થયું તે અમે ૧૦ વર્ષમાં કર્યુ છે. આ સાથે તેમણે કહ્યું



કે અત્યાર સુધી જે કામ થયું છે તે તો માત્ર ટ્રેલર છે. હજુ ઘણું કરવાનું બાકી છે. આપણા ઘણા સપના છે, આપણે દેશને આગળ લઈ જવાનો છે. જે કામ આટલા દાયકામાં નહોતું થયું તે અમે ૧૦ વર્ષમાં કર્યું. વડાપ્રધાને કહ્યું કે મોદીએ દરેક મુસ્લિમ પરિવારનું રક્ષણ કર્યું છે. મુસ્લિમ પરિવારના દરેક પિતા એવું વિચારતા હતા કે તેમની દીકરીના લગ્ન કર્યા પછી, ૨-૩ બાળકો થયા પછી, તે તેને છૂટાછેડા આપી દેશે.

### બાળકોને યોગ્ય અને સારૂ શિક્ષણ મળશે : સિસોદિયા

## કેજરીવાલની ધરપકડ બાદ સિસોદિયાએ લખ્યો ભાવુક પત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને AAP નેતા મનીષ સિસોદિયા લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં બંધ છે. તેમણે જેલમાંથી પોતાના મતવિસ્તાર પટપડગંજના લોકોને ભાવુક પત્ર લખીને કહ્યું કે, હું જેલની બહાર જલ્દી જ મળીશ. મનીષ સિસોદિયાએ



પત્રમાં લખ્યું કે, ‘છેલ્લા એક વર્ષમાં મે બધાને યાદ કર્યા, બધાએ સાથે મળીને ખૂબ ઈમાનદારીથી કામ કર્યું, જેમાં દરેક વ્યક્તિ આઝાદી માટે લડ્યા હતા. તેવી જ રીતે આપણે સારા શિક્ષણ અને શાળાઓ માટે લડી રહ્યા છીએ.’ મનીષ સિસોદિયાએ પત્રમાં લખ્યું કે, ’અંગ્રેજોની સરમુખત્યારશાહી બાદ આઝાદીનું સપનું સાકાર થયું હતું, તેવી જ રીતે એક દિવસ દરેક બાળકોને યોગ્ય અને સારૂ શિક્ષણ મળશે. અંગ્રેજોને પણ પોતાની શક્તિનો ખૂબ અભિમાન હતો, અંગ્રેજો પણ લોકોને ખોટા આરોપમાં જેલમાં ધકેલી દેતા. અંગ્રેજોએ મહાત્મ ગાંધીને ઘણાં વર્ષો સુધી જેલમાં બંધ રાખ્યા અને નેલ્સલ મંડેલાને પણ જેલમાં ધકેલી દીધા હતા. આ લોકો મારી પ્રેરણ છે અને તમે બધા મારી તાકાત છો.’

### સુપ્રીમ કોર્ટે હાઇકોર્ટના નિર્ણય પર લગાવી રોક

## યુપીની ૧૬૦૦૦ મદરેસાના ૧૭ લાખ વિદ્યાર્થીઓને મોટી રાહત

। (એજન્સી) અલ્હાબાદ, તા.૫ ।

ઉત્તર પ્રદેશ મદરેસા એક્ટને લઈને સુપ્રીમ કોર્ટે શુક્રવારે મોટો નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે યુપીની ૧૬૦૦૦ મદરેસાના ૧૭ લાખ વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. કોર્ટના આદેશ અનુસાર, હાલમાં મદરેસાઓમાં ૨૦૦૪ના કાયદા હેઠળ શિક્ષણ ચાલુ રહેશે. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણય પર વચગાળાનો સ્ટે મુક્યો છે. નોંધનીય છે કે અલ્હાબાદ હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં આ કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અલ્હાબાદ હાઈકોર્ટ પ્રાથમિક દ્રષ્ટિએ યોગ્ય નથી. આ ધર્મનિરપેક્ષતાનું ઉલ્લંઘન છે એમ કહેવું યોગ્ય નથી. યુપી સરકારે હાઈકોર્ટમાં આ એક્ટનો બચાવ કર્યો હતો. હાઈકોર્ટે ૨૦૦૪ના કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલે સરકાર અને અન્યને નોટિસ પાઠવી છે.

### રેપો રેટ પહેલાની જેમ ૬.૫ ટકા પર યથાવત

## સતત સાતમી વાર રેપો રેટમાં કોઇ જ ફેરફાર નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આજે રિઝર્વ બેંકના નવા નાણાકીય વર્ષની પ્રથમ નાણાકીય નીતિ સમિતિ (MPC) બેઠકના પરિણામો જાહેર થઈ ગયા છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ MPCના નિર્ણયોની જાહેરાત કરી છે. રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ સતત સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર



નહીં કરવાનો નિર્ણય લીધો છે. રેપો રેટ પહેલાની જેમ ૬.૫ ટકા પર યથાવત છે. ફેબ્રુઆરીની નાણાકીય નીતિમાં મધ્યસ્થ બેંકે સતત છઠ્ઠી વખત રેપો રેટને ૬.૫૦ ટકા પર સ્થિર રાખ્યો હતો. આજે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિની પ્રથમ બેઠક યોજાઈ રહી છે. આમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. એવી અપેક્ષા હતી કે આરબીઆઈ ચૂંટણી પહેલા તેના નિર્ણયથી આશ્ચર્યચકિત થઈ શકે છે, પરંતુ આરબીઆઈએ સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. મતલબ કે તમને EMIમાં અત્યારે રાહત નહીં મળે.આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ની પ્રથમ આરબીઆઈ નાણાકીય નીતિની બેઠકમાં રેપો રેટને સ્થિર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.







CMYK

# ૭ એપ્રિલ થી અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ અમદાવાદને બદલે સાબરમતીથી ચાલશે





। અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ સ્ટેશનનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વસ્તરીય સ્ટેશન તરીકે પુનઃવિકાસ કરવામાં આવશે. અમદાવાદ રેલ્વે સ્ટેશનથી પ્રસ્થાન/ આગમન કરતી કેટલીક ટ્રેનોના ટર્મિનલને ગાંધીનગર કેપિટલ અથવા સાબરમતી ખસેડવામાં આવ્યા છે. ટર્મિનલોમાં આ પરિવર્તન પરિચાલન માં ફ્લેક્સિબિલિટી પ્રદાન કરશે, અમદાવાદ સ્ટેશન પર મુસાફરોની ભીડ ઘટાડશે, મુસાફર સેવાઓને વધારવા અને ઉન્નત કરવામાં મદદ કરશે અને અમદાવાદ શહેર વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓ ઝડપી અમલને સક્ષમ કરશે. ૦૭ એપ્રિલ ૨૦૨૪ થી, અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ અમદાવાદને બદલે સાબરમતી (ધરમ નગર સાઈડ) થી ચલાવવામાં આવશે અને સાબરમતી સ્ટેશન પર જ ટર્મિનેટ (સમાપ્ત) થશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

ટ્રેન નંબર ૧૨૯૫૭ અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસનું ટર્મિનલ ૦૭ એપ્રિલ, ૨૦૨૪ થી સાબરમતી ખાતે શિફ્ટ કરવામાં આવશે અને આ ટ્રેન સાબરમતી સ્ટેશનથી ૧૯.૦૫ કલાકે પ્રસ્થાન કરશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૨૯૫૮ નવી દિલ્હી-અમદાવાદ સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ ૦૬ એપ્રિલ ૨૦૨૪ થી (યાત્રા પ્રારંભ કરવાવાળી) સાબરમતી સ્ટેશન પર ટર્મિનેટ (સમાપ્ત) થશે અને આ સાબરમતી સ્ટેશન ૦૮.૦૫ કલાકે પહોંચશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકેછે.

## માર્કેટમાં વેચાઈ રહી છે કેમિકલવાળી ઝેરી કેરી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

હાલમાં માર્કેટમાં કાચી કેરી દેખાઈ શકે છે. આ સિઝનમાં કેરી કાચી જ હોય છે. હજુ કેરી પાકવાની સિઝન નથી આવી. પણ તેમ છતાં પણ બજારમાં પાકેલી કેરી જોવા મળી રહી છે. ઉનાળો શરુ થઈ ચુક્યો છે. ધીમે ધીમે પારો આકાશે આંબી રહ્યો છે. તડકાથી ચામડી બળી રહી છે. તેની સાથે જ માર્કેટમાં ગરમીની સીઝનના ફળ અને શાકભાજી દેખાવા લાગ્યા છે. વાત જો ગરમીની કરીએ તો, કેરીનો ઉલ્લેખ ન થાય, એવું તો કેમ બને. ફળોના રાજા કેરીની રાહ સૌ કોઈ જોતા હોય છે. જો કે, માર્કેટમાં હવે ઝેરી કેરી પણ વેચાવા લાગી છે. જો તમે પણ કેરી લવર છો, તો આ વીડિયો આપના માટે છે. કેરીની કેટલીય વેરાયટી હાલમાં બજારમાં જોવા મળશે. કેટલીય જગ્યાએ તેમને પાકેલી કેરી પણ દેખાસે. પણ જો તમે આ કેરીને ચેક કર્યા વિના ખાઈ લેશો તો આપના માટે જીવલેણ સાબિત થશે. જી હાં, માર્કેટમાં વેચાઈ રહેલી મોટા ભાગની કેરી આર્ટિફિશિયલ રીતે પકવેલી હોય છે. જો તેનો ઉપયોગ કરવામાં આવે અને આ કેમિકલ તમારી બોડીમાં જાય તો આપના માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. હાલમાં માર્કેટમાં કાચી કેરી દેખાઈ શકે છે. આ સિઝનમાં કેરી કાચી જ હોય છે. હજુ કેરી પકવાની સિઝન નથી આવી. પણ તેમ છતાં પણ બજારમાં પાકેલી કેરી જોવા મળી રહી છે. હકીકતમાં જોઈએ તો, આ કેરીને પકવવા માટે કેમિકલનો ઉપયોગ થાય છે. આ કેમિકલ પ્રતિબંધિત છે. ત્યાર બાદ પણ ધડાધડ કેરીઓ પકવવા માટે તેનો ઉપયોગ થાય છે. આ કેમિકલનું સેવન કરવાથી હેલ્થને ઘણું નુકસાન થાય છે. સોશિયલ મીડિયા પર એક શખ્સે આવી રીતે ઝેરી કેરીને ચેક કરવાની રીત જણાવી છે. શખ્સે જણાવ્યું છે કે, જો તમે આ ઝેરી કેરીને ખાઈ લેશો તો, આપના હેલ્થ પર ખરાબ અસર પડશે. આ કેરીને તપાસ માટેની એક સરળ રીત છે. જો તમે આ કેરીને પાણીમાં ડુબાડશો તો તે પાણીમાં

## રામોલ પોલીસ સ્ટેશનમાંથી આરોપીઓને ભગાડવાનો પ્રયાસ

### પોલીસ વોન્ટેડ આરોપીઓને પાસાની અટકાયતી હુકમની બજવણી કરતા હતા તે દરમિયાન આરોપીને ભગાડવાનો પ્રયાસ કર્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

રામોલ પોલીસે વોન્ટેડ ચાર આરોપીઓને પોલીસ સ્ટેશન લાવીને પાસાની અટકાયતી હુકમની બજવણી કરતા હતા. આ દરમિયાન, ચારેયના સગા સંબંધીઓએ આવીને બજવણી નહીં કરવા અને ચારેય આરોપીઓને ભગાડીને લઈ જવા પ્રયાસ કર્યો હતો.

બાદમાં પોલીસે બળપ્રયોગ કરતા તમામ આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા. રામોલ પોલીસે પાંચ જેટલી મહિલાઓ સહિત કુલ ૧૮ વ્યક્તિઓ સામે રાયોટિંગ, સરકારી કામમાં અડચણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. જણાવી દઈએ કે, રામોલ પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ સ્કોડમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશ કુમાર રઘુભાઈ તેમના સ્ટાફના પોલીસકમીઓ સાથે ચાર વોન્ટેડ આરોપી જીતુ પરમાર, પરેશ પરમાર, પાર્થ પરમાર અને જીગર પરમારને પોલીસ સ્ટેશન લાવીને તેમની સામે પાસા અટકાયતી હુકમની બજવણી કરવાની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન, ચારેય આરોપીઓના સગાસંબંધીઓ



ધુમિલ પરમાર, પ્રદિપ પરમાર, નયન પરમાર, કિરીટ પરમાર, મયુર પરમાર, અમીત પરમાર, મીના પરમાર તથા ત્રણ અજાણી મહિલાઓ સહિત કુલ ૧૮ વ્યક્તિઓનું ટોળુ પોલીસ સ્ટેશન ધસી આવ્યું હતું. તેઓ આરોપીઓની બજવણી નહીં કરવા દેવા ભેગા થઈને વોન્ટેડ આરોપીઓને પોલીસ સ્ટેશન ખાતેથી ભગાડી જવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ, તમામ લોકોએ પોલીસ સ્ટેશનની સામે જ પોલીસકમીઓ સાથે ઝપાઝપી કરીને કેરોસીન છાંટીને આત્મવિલોપન કરવાની ધમકી આપી હતી. આ ઉપરાંત, પોલીસે ફરિયાદી પાસેથી રૂપિયા લઈને ખોટો હુકમ કરાવેલ છે, તેવા આક્ષેપ કર્યા હતા. બાદમાં પોલીસે બળપ્રયોગ કરતાં તમામ આરોપીઓ ત્યાંથી ભાગવા લાગ્યા હતા. તેમાંથી પોલીસે ધુમિલ અને પ્રદિપને ઝડપી પાડ્યા હતા. આ અંગે રામોલ પોલીસે કુલ ૧૮ જેટલા વ્યક્તિઓ સામે રાયોટિંગ, સરકારી કામમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને બે આરોપીની ધરપકડ કરી લીધી છે તેમજ અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

### પોલીસે કરી બન્નેની ધરપકડ

## પતિની કરી હત્યા કરી પ્રેમી અને પત્નીએ લાશ ફેંકી દીધી

### મહિધરપુરા સ્થિત રેલવે સ્ટેશન પાર્સલ ઓફીસ નજીકથી યુવકની હત્યા કરાયેલ લાશ મળી આવવાની ઘટના સામે આવી હતી

। (એજન્સી) સુરત, તા.૫ ।

શહેરમાં હત્યા, લૂંટ, ચોરી જેવી ઘટનાઓ દિવસેને દિવસે સામાન્ય બનતી જઈ રહી છે. છેલ્લા ચાર દિવસમાં સુરત શહેરમાં હત્યાની છ જેટલી ઘટનાઓ સામે આવી ચૂકી છે. જેમાં સુરતના લિંબાયત, વરાછા, ખટોદરા, મહિધર પુરા સહિત ચોક બજાર વિસ્તારના હત્યાની ઉપરાછાપરી ઘટનાઓ પ્રકાશમાં આવી ચૂકી છે. જ્યારે આજે, સુરતના મહિધરપુરા વિસ્તારમાં બનેલી હત્યાની ઘટનાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢી મહિલા સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે. મહિધરપુરા સ્થિત રેલવે સ્ટેશન પાર્સલ ઓફીસ નજીકથી યુવકની હત્યા કરાયેલ લાશ મળી આવવાની ઘટનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી કાઢી હત્યારા પ્રેમી અને પ્રેમિકાની ધરપકડ કરી જેલના સળિયા ગણતા કરી દીધા છે. પોલીસ તપાસમાં મૃતકની પત્ની અને હત્યારા વચ્ચે છેલ્લા છ માસથી પ્રેમ સંબંધ ચાલી આવ્યો હતો. જેને લઈને મૃતક અને તેની પત્ની વચ્ચે સતત ઝઘડો ચાલી આવતા પ્રેમી અને પ્રેમિકા વચ્ચે રહેલા પતિનો કાયમી કાંટો કાઢી નાંખવા બંનેએ હત્યાનો પ્લાન બનાવી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

### ચા-નાસ્તાનો ઝઘડો પહોંચ્યો મોત સુધી...


## મિત્રએ જ મિત્રનું ઢીમ ઢાળી દીધું, આરોપીનો ચોંકાવનારો ખુલાસો

### ખટોદરા વિસ્તારમાં આવેલા કોમલ સર્કલ નજીક થોડા દિવસ પહેલા એક યુવકની લાશ મળી આવી હતી

। (એજન્સી) સુરત,તા.૫ ।

શહેરમાં છેલ્લા ઘણા સમયથી હત્યાના બનાવોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. ત્યારે ખટોદરા વિસ્તારમાં આવેલા કોમલ સર્કલ નજીક થોડા દિવસ પહેલા એક યુવકની લાશ મળી આવી હતી. આ યુવાનના પીએમ રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, આ યુવાનની હત્યા કરવામાં આવી છે. જોકે પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ ઘટનાની તપાસ બાદ આજે સુરત ક્રાઈમ બ્રાન્ચે એક ઈસમની ધરપકડ કરી હતી. આ ઈસમ પોલીસ સામે કબૂલાત કરી હતી કે, મરનાર યુવક તેનો મિત્ર છે અને ચા નાસ્તા બાબતે થયેલા ઝઘડામાં તેણે તેના મિત્રની હત્યા કરી છે. આ વાત સાંભળતા જ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સુરતના ખટોદરા વિસ્તારમાં તારીખ ૩૧ માર્ચના રોજ બપોરના સમયે કોમલ સર્કલ પાસે આવેલા કોમલ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગ પાસે પાલિકા બજારના ખુલ્લા ભાગમાંથી એક લાશ મળી આવી હતી. તે દરમિયાન, પોલીસે લાશનો કબજો લઈ તેને પીએમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવી હતી. ત્યાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આ યુવકની કોઈ બોથડ પદાર્થ માથાના ભાગે માર મારી તેની હત્યા કર્યા હોવાની વિગતો સામે આવી હતી.

## અમદાવાદ મંડળ પર રેલ ટિકિટ ભાડાના પેમેન્ટ માટે QR કોડની સુવિધા ઉપલબ્ધ



। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે મુસાફરોને ટિકિટનું ભાડું ચૂકવવા માટે QR કોડ ડિજિટલ માધ્યમની સુવિધા પ્રદાન કરી છે. આ નવી પહેલ હેઠળ ઊઈ કોડ-ડિજિટલ માધ્યમથી અમદાવાદ મંડળના વિવિધ મુખ્ય સ્ટેશનો પર પ્રાયોગિક ધોરણે ઉપલબ્ધ કરાવામાં આવ્યું છે. રેલવે મુસાફરોને હવે ટિકિટ ભાડાનું પેમેન્ટ કરવા માટે UTS મોબાઈલ એપ, ATVM (ઊઈ કોડ ની સુવિધા સાથે), POS અને UPI જેવા વિવિધ ડિજિટલ પેમેન્ટ વિકલ્પો પહેલેથી જ આપવામાં આવ્યા છે. હવે આ પ્રકારની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને વધુ ઉપયોગી અને સુગમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ મંડળએ તેનો વિસ્તાર કર્યો છે.

વર્તમાનમાં અમદાવાદ મંડળ દ્વારા પ્રાયોગિક ધોરણે ઊઈ કોડ-ડિજિટલ પેમેન્ટની સુવિધા અમદાવાદ અને ગાંધીધામ રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ કરવામાં આવી છે. અમદાવાદ સ્ટેશનના રિઝર્વેશન સેન્ટર પર ૪ કાઉન્ટર અને ગાંધીધામ સ્ટેશનના રિઝર્વેશન સેન્ટર પર ૩ કાઉન્ટર પર આ સુવિધાનો લાભ લઈ શકાશે. આ ઉપરાંત ગાંધીધામની અનારક્ષિત કાર્યાલયમાં પણ ૨ કાઉન્ટરો પર આ સુવિધા ઉપલબ્ધ છે. મુસાફરોએ ટિકિટ કાઉન્ટર પર તેમના ભાડાના પેમેન્ટનો વિકલ્પ દર્શાવવો જરૂરી છે.

આ નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ઊઈ કોડ દ્વારા ટિકિટ ભાડાનું પેમેન્ટ કરવા માટે હવે મુસાફરોને વધુ સગવડ પૂરી પાડશે, જે વિન્ડોની બહાર ભાડા રીપીટરમાં ઉપલબ્ધ છે. આ દ્વારા કોઈપણ મુસાફર તેમનું ટિકિટ ભાડું કોઈપણ મુશ્કેલી વગર અને સરળતાથી ભાડુ ચૂકવી શકશે. આ પ્રયાસ રેલ મુસાફરોને વધારે સુવિધાજનક અને સુગમ યાત્રા નો અનુભવ કરવા માટે એક પ્રોત્સાહન છે અને તેના દ્વારા ડિજિટલ પેમેન્ટ માટે સરળ અને સુરક્ષિત વિકલ્પો આપવામાં આવી રહ્યા છે. મુસાફરોને વધુ લાભ આપવા માટે આને ભવિષ્યમાં વધુ સ્ટેશનો સુધી લંબાવી શકાય છે.

# અમદાવાદ જિલ્લાની શાળાઓના ૮૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં પ્રભાત ફેરી અને રેલી દ્વારા મતદાન જાગૃતિનો પ્રયાસ

### જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લામાં સિગ્નેચર કેમ્પેઈન, મતદાન સંકલ્પ, પ્રભાત ફેરી રેલી, સામૂહિક શપથ, બાઈક રેલી સહિતના કાર્યક્રમો દ્વારા મતદાન જાગૃતિ ફેલાવવાનું આયોજન

દેશભરમાં લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. ગુજરાત સહિત દેશમાં આદર્શ આચારસંહિતાના અમલીકરણ સાથે સ્વિપ (SVEEP) પ્રવૃત્તિઓ અંતર્ગત મતદાન જાગૃતિ માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓના ગામોમાં ગ્રામ્યજનો અને વિદ્યાર્થીઓને મતદાન અંગે જાગૃત કરીને લોકશાહીના પર્વમાં સહભાગી બનાવવા વધુને વધુ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં ગામોમાં મતદાન જાગૃતિના સક્રિય અભિયાન અંતર્ગત જિલ્લાની કુલ ૬૦૦ શાળાઓના ૮૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા જેતે વિસ્તારમાં પ્રભાત ફેરી અને રેલી દ્વારા મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા તથા લોકશાહીના પર્વમાં વધુને વધુ નાગરિકો સહભાગી થઈને ફરજિયાત મતદાન કરે તે માટે વિવિધ પોસ્ટર અને બેનરના માધ્યમથી જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લામાં મતદાન જાગૃતિ માટે સિગ્નેચર કેમ્પેઈન, મતદાન સંકલ્પ, પ્રભાત ફેરી રેલી, સામૂહિક શપથ, બાઈક રેલી સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.













## ન્યુઝ બોક્ષ

### ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુષ્કાળનો ખતરો મંડાઇ રહયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દુનિયાના સૌથી નાના ખંડ અને વિશાળ દેશ ઓસ?ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઈ રહયો છે એવી ચેતવણી વૈજ્ઞાનિકોએ આપી છે. નવાઈની વાત તો એ છે કે થોડાક વર્ષો પછી શરુ થનારો સંભવત દુષ્કાળ એક કે બે નહી ૨૦ વર્ષ સુધી ચાલી શકે છે. રિસર્ચ ટીમે ભૂતકાળમાં પડેલા દુષ્કાળના સમગ્ર સ્પેકટ્રમનો અભ્યાસ કર્યો હતો. કલાયમેટ મોડેલની મદદથી વૈજ્ઞાનિકોએ છેલ્લા ૧૨૫૦ વર્ષના દુષ્કાળને સ્ટિમુલેટ કર્યા હતા. ઓસ્ટ્રેલિયાની અનેક યુનિવર્સિટીઓએ સંયુકત રીતે મળીને સ્ટડી મોડલ તૈયાર કર્યુ છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે ઓસ્ટ્રેલિયામાં ઝડપથી એક મેગાડ્રોટ આકાર લઈ શકે છે. મેગા ડ્રોટ વર્ષો સુધી ચાલશે તો તેનો પ્રભાવ ઈકો સિસ્ટમ અને માનવીઓ પર પડશે. સાયન્ટિસ્ટોના ધ્યાનમાં આવ્યું છે કે પહેલા પણ આ પ્રકારના દુષ્કાળો નોંધાઈ ચુકયા છે. ઔધોગિક ક્રાંતિ પહેલા અને ૨૦ મી સદીમાં રણ મેગાડ્રોટ જોવા મળ્યા હતા. એકાંદ કે બે વર્ષના દુષ્કાળથી પર્યાવરણ અને ઈકો સિસ્ટમને ખાસ નુકસાન થતું નથી પરંતુ લાંબા ગાળાના દુ?કાળ ખૂબજ ભયંકર અસર ઉભી કરે છે. કયારેક તો મેગાડ્રોટની અસર દાયકાઓ સુધી રહેતી હોય છે. સંશોધકોએ નોંધ્યું હતું કે અમેરિકાના દક્ષિણ પશ્ચીમ વિસ્તારમાં ૨૧ મી સદીની શરુઆતમાં ભયંકર દુષ્કાળ પડયો હતો, આ દુષ્કાળને ૨૪ વર્ષ થયા પછી પણ તેની અસર ચાલુ રહી છે.

### લોકસભાની ચૂંટણીના ડેટા દર્શાવે છે કે અપક્ષ ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

લોકસભાની ચૂંટણીના ડેટા દર્શાવે છે કે અપક્ષ ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે, ૧૯૯૧ થી ૯૯ ટકાથી વધુ અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે.ભારતના ચૂંટણી પચં દ્રારા સંકલિત ડેટા દર્શાવે છે કે આઝાદી પછી, સ્વતત્રં ઉમેદવારોની સંખ્યા વધુ રહી હોવા છતાં, ચૂંટણી જીતનારાઓની સંખ્યા ૧૯૫૧માં છ ટકાથી વધુ અને ૧૯૫૭માં આઠ ટકાથી ઘટીને ૨૦૧૯ માંલગભગ ૦.૧૧ ટકા થઈ ગઈ છે. ૧૯૫૧-૫૨ની પ્રથમ ચૂંટણીમાં ૫૩૩ અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી અને તેમાંથી ૩૭ જીત્યા હતા, લગભગ ૬.૯૦ ટકા. ચૂંટણીપંચના નિયમોમાં એવી જોગવાઈ છે કે જે ઉમેદવારો કુલ માન્ય મતોમાંથી ઓછામાં ઓછા છઠ્ઠા ભાગના મત મેળવવામાં નિષ્ફળ જાય છે તેમની ડિપોઝીટ ટ્રેઝરીમાં રીડાયરેકટ કરવામાં આવશે. ૧૯૫૧માં સામાન્ય ઉમેદવારો માટે સિકયોરિટી ડિપોઝીટની રકમ. ૫૦૦ અને એસસીએસટી સમુદાયના ઉમેદવારો માટે. ૨૫૦ હતી. ત્યારથી આ રકમ સામાન્ય અને એસસીએસટી ઉમેદવારો માટે. ૨૫,૦૦૦ અને . ૧૨,૫૦૦ સુધી વધી છે.

### આઈઆઈટીમાંથી ગ્રેજ્યુએટ થયા પછી પણ લગભગ ૪૦ ટકા વિદ્યાર્થીઓને જોબ નથી મળતી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ભારતમાં આઈઆઈટીને સૌથી પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ સંસ્થાઓ માનવામાં આવે છે અને તેમાં ભણનારા સ્ટુડન્ટને તગડા પગાર મળતા હોય છે. પરંતુ તાજેતરમાં આ સંસ્થાઓની શાન ઝાંખી પડી હોય તેમ લાગે છે. એક રિપોર્ટ પ્રમાણે આઈઆઈટીમાંથી ગ્રેજ્યુએટ થયા પછી પણ લગભગ ૪૦ ટકા વિદ્યાર્થીઓને જોબ નથી મળી શકતી. એટલું જ નહીં, આઈઆઈટી પાસ કર્યા પછી સ્ટાર્ટિંગ પેકેજ પણ અમુક કિસ્સામાં વાર્ષિક ત્રણ લાખ સુધી પહોંચી ગયા છે. ગ્લોબલ આઈઆઈટી એલ્યુમની સપોર્ટ ગ્રૂપના ધીરજસિંહે આઈઆઈટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિશે મહત્વનો ડેટા રિલિઝ કર્યો છે. તેમાં જણાવ્યા મુજબ વિવિધ આઈઆઈટીઓમાં પ્લેસમેન્ટનો પ્રથમ તબક્કો સમાપ્ત થઈ ગયો છે, પરંતુ ચિત્ર એકદમ નિરાશાજનક છે. હજુ સુધી ૩૫થી ૪૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી મળી શકી નથી. આ ઉપરાંત પેકેજ પણ એટલા બધા નીચા છે કે સ્ટુડન્ટ ઓફર સ્વીકારવાની ના પાડી દે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના સ્ટુડન્ટ કરોડો રૂપિયાનો પગાર લેવા માટે જાણીતા હોય છે, પરંતુ હવે સ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. કેટલાક કિસ્સામાં તો પાંચ લાખનો પેકેજ પણ નથી મળતો. ડેટામાં એમ જણાવાયુ છે કે, વિવિધ આઈઆઈટીમાં આ વર્ષે ચાલતા પ્લેસમેન્ટ હેઠળ વિદ્યાર્થીઓને વાર્ષિક માત્ર ત્રણથી ચાર લાખનું પેકેજ મળી રહ્યું છે. ભારતમાં એક તરફ અબજોપતિઓની સંખ્યા વધી રહી છે, તો બીજી તરફ પેકેજ ઘટતા જાય છે.

### ભારતની ટી૨૦ ટીમનો સુકાની વહેલા જાહેર કર્યો હોત તો

# રોહિતે મુંબઈ ઈન્ડિયન્સની કપ્તાની ગુમાવી ના હોત : નવજોત સિંઘ સિધૂ

**રોહિત શર્માને ખસેડીને મુંબઈ ઈન્ડિયન્સનો સુકાની બન્યા બાદ હાર્દિક પંડ્યાની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી , તા.૫ ।



પૂર્વ ભારતીય ક્રિકેટર નવજોત સિંઘ સિધૂના મતે જો બીસીસીઆઈએ રોહિત શર્માને ટી૨૦ વર્લ્ડ કપ માટે ગત વર્ષ જ ભારતની ટી૨૦ ટીમનો સુકાની જાહેર કરી દીધો હોત તો આઈપીએલ ફ્રેન્ચાઈઝ મુંબઈ ઈન્ડિયન્સે રોહિતને ખસેડીને હાર્દિક પંડ્યાને સુકાની બનાવ્યો ના હોત. બીસીસીઆઈએ ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં ભારતની ટી૨૦ વર્લ્ડ કપ ટીમનો સુકાની જાહેર કર્યો હતો. જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત થવાની બાકી છે. બીસીસીઆઈ સેક્રેટરી જાય શાહે અમદાવાદમાં એક કાર્યક્રમમાં રોહિતને ટી૨૦ વર્લ્ડ કપ માટે ભારતનો સુકાની જાહેર કર્યો હતો. ત્યારપછી બે મહિનાની અંદર હાર્દિક પંડ્યાને એમઆઈનો સુકાની બનાવાયો હતો. સિધૂએ આ મુદ્દે જણાવ્યું કે, બીસીસીસીઆઈએ ગત વર્ષે ઓક્ટોબર આસપાસ રોહિતને ટી૨૦ ટીમનો સુકાની જાહેર કરી દીધો હોત, તો તેણે મુંબઈની કપ્તાની ગુમાવી ના હોત. આ ફ્રેન્ચાઈઝ માટે એક સન્માનની બાબત ગણાત. ખરેખાર આ બધુ ટાઈમિંગને લીધે થયું છે. રોહિત શર્માને ખસેડીને મુંબઈ ઈન્ડિયન્સનો સુકાની બન્યા બાદ હાર્દિક પંડ્યાની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે અને તેને પ્રેક્ષકોના આક્રોશનો ભોગ બનવું પડ્યું છે. હાર્દિકના નેતૃત્વમાં મુંબઈનો તમામ ત્રણ મેચમાં પરાજય થયો છે. સોમવારે મુંબઈ તેના ગઢ ગણાતા વાનખેડેમાં પણ હાર્યું હતું અને પ્રેક્ષકોએ આ મેચમાં પણ હાર્દિકનો હૂરિયો બોલાવ્યો હતો. પ્રેક્ષકોની પ્રતિક્રિયા અપેક્ષિત છે કારણ કે રોહિત વધુ લોકપ્રિય ક્રિકેટર છે. સિધૂએ ઉમેર્યુ કે, ભારતીય ટીમના નાયકે શું ખોટું કર્યુ છે? શા માટે તેને ફ્રેન્ચાઈઝના સુકાની તરીકે બદલવામાં આવ્યો? આ બાબત કોઈપણ વ્યક્તિ પચાવી શકે નહીં. જો હાર્દિકના નેતૃત્વમા મુંબઈની ટીમ પ્રારંભિક મુકાબલા જીતી શક્યું હોત તો બહારનો અવાજ કદાચ શાંત પડી શક્યો હોત. આઈપીએલમાં અન્ય ટીમોની વાત કરતા સિધૂએ જણાવ્યું કે, બેંગલોરની ટીમનો ખાસ કરીને તેમની સ્પિન બોલિંગમાં તાગ મેળવવો સરળ બની ગયો છે.

### ગુજરાતની ૨૬ બેઠક પરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત

# પાટીલની પાંચ લાખની લીડનો પ્લાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા ૫ લાખથી વધુ મતની લીડ મેળવવા માટે ગુજરાત ભાજપ દ્વારા વ્યૂહરચના ઘડી નાંખવામાં આવી છે. ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો રહ્યા હોય વ્યૂહરચના અનુસાર ભાજપ કામે પણ લાગી ગયું છે. જેમાં ચૂંટણીમાં જીતના પાયામાં બુથ પ્રમુખોને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી રહી છે.લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત મંડાઈ રહ્યું છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે બુથ પ્રમુખોને સંબોધતા જણાવ્યું કે નરેન્દ્ર મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપે પણ ત્રીજી વખત ૨૬માંથી ૨૬ બેઠક જીતીને હેટ્રીક તો સર્જવાની છે સાથે કંઈક વિશેષતા પણ કરવાની છે. જો ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠક જીતી શકતા હોઈએ તો લોકસભાની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા ૫ લાખની લીડ મેળવી શકાય તેવો મને વિશ્વાસ છે. બુથ પ્રમુખોને સૂચવેલા પાંચ કામો સિસ્ટમ મુજબ કરવામાં આવશે તો ૫ લાખથી વધુ મતની લીડ ચોક્કસ પાર કરી શકાશે. બુથ પ્રમુખે કમિટીના ૧૪ સભ્યની બેઠક યોજીને જવાબદારી સોંપવા સાથે તેઓને આગેવાની લેવા પ્રેરિત કરવાના છે. ગુજરાતમાં ૧ કરોડ ૧૩ લાખ ભાજપના પ્રાથમિક સદસ્ય નોંધાયા છે અને ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે. ભાજપના પ્રાથમિક સદસ્ય અને પેજ કમિટીના સભ્ય વચ્ચે ફરક એટલો છે કે એક જ ઘરમાંથી બેથી પાંચ વ્યક્તિ ભાજપના પ્રાથમિક સદસ્ય હોઈ શકે છે. પરંતુ પેજ કમિટીમાં એક ઘરમાંથી એક જ વ્યક્તિ હોય છે. ભાજપના ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે મતલબ ગુજરાતના ૭૪ લાખ ઘરમાં ભાજપનો એક સભ્ય છે. ભાજપના ૭૪ લાખ સભ્યો છે જેઓના ઘરમાં સરેરાશ ત્રણ મત હોય કુલ ૨ કરોડ ૨૨ લાખ મત છે. જો લોકસભાની ચૂંટણીમાં ૨ કરોડ ૨૨ લાખ મતદારો દ્વારા મતદાન કરવામાં આવે તો કોંગ્રેસના ૨૬ ઉમેદવારોની ડીપોઝીટ પણ બચી શકે નહીં. હું કોઈ દાવો કરતો નથી અને ડંફાશ મારવી એ મારો સ્વભાવ નથી. મેં જે કહ્યું છે તે કર્યુ છે. આ વખતે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની ડીપોઝીટ જમા થઈ જાય એટલી તાકાત લગાવો. ગત ચૂંટણીમાં ભાજપને ૧ કરોડ ૬૮ લાખ મત અને કોંગ્રેસને ૮૦ લાખ મત મળ્યા હતા. જો આ વખતે ભાજપને ૨ કરોડ ૨૨ લાખ મત મળી જાય તો ૫૦થી ૫૫ લાખ મત વધી જાય અને કોંગ્રેસના ૮૦ લાખ મતમાંથી ૫૦થી ૫૫ લાખ મત ઓછા થઈ જાય તો કેટલા બચશે? આમ કોંગ્રેસના ઉમેદવારોની ડીપોઝીટ પણ જમા થઈ જાય તેવી સ્થિતિ સર્જાઇ શકે છે.

### મેક્સિકો બોર્ડર પર રમખાણ મચાવનારા સામે કાર્યવાહી

# મેક્સિકો બોર્ડર ઉપર ૨૨૨ માઈગ્રન્ટ્સ સામે કાર્યવાહી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને ટેક્સાસમાં પ્રવેશનારા ૨૦૦થી વધુ માઈગ્રન્ટ્સ પર રાયોટિંગનો ચાર્જ લગાવવામાં આવ્યો છે, અને આ તમામ લોકોને ડિપોર્ટ કરવામાં પણ આવી શકે છે. ઈમિગ્રેશન ઓથોરિટીના જણાવ્યા અનુસાર, ૨૧ માર્ચ ૨૦૨૪ની આ ઘટનામાં માઈગ્રન્ટ્સનું એક ગ્રુપ બોર્ડર પર પાથરવામાં આવેલી રેઝર વાયર ફેન્સ કાપીને રિયો ગ્રાન્ડેમાં આવેલા ગેટ પરથી ઘૂસ્યું હતું અને તેણે ઝપાઝપી કરીને ટેક્સાસ નેશનલ ગાર્ડ મેમ્બર્સને પણ ઘાયલ કર્યા હતા. અલ પાસોના ડિસ્ટ્રિક્ટ એટર્ની બિલ હિક્સના જણાવ્યા અનુસાર, નવ માઈગ્રન્ટ્સે રેઝર વાયર કટ કર્યા બાદ નેશનલ ગાર્ડ મેમ્બર્સ પર હુમલો કર્યો હતો, તે વખતે બોર્ડર ક્રોસ કર્યા બાદ શરણાગતિ માગનારા એક હજાર જેટલા માઈગ્રન્ટ્સ ત્યાં હાજર હતા. બોર્ડર પર મચેલા આ રમખાણના કેટલાક ચોંકાવનારા દ્રશ્યો કેમેરામાં પણ કેદ થયા હતા, જે પાછળથી સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયા હતા. બોર્ડરરિપોર્ટ.કોમના એક અહેવાલ અનુસાર, ૨૧ માર્ચની આ ઘટનામાં સામેલ ૨૨૨ જેટલા માઈગ્રન્ટ્સની ઓળખ કર્યા બાદ હવે તેમની સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૧૮ લોકો સામે શુક્રવારે જ્યારે બાકીના ૯૭ લોકો સામે વીકેન્ડમાં ચાર્જ લગાવવામાં આવ્યા હતા. રવિવારે અલ પાસોના મેજિસ્ટ્રેટ જજ હમ્બર્ટો અકોસ્તાએ ડિસ્ટ્રિક્ટ એટર્નીને આરોપીઓ સામેના કેસની તૈયારી કરવા વધુ સમય આપવાનો ઈનકાર કરી દેતા અરેસ્ટ કરાયેલા તમામ લોકો ચાર્જ ફ્રેમ થયાના ૪૮ કલાકમાં પર્સનલ બોન્ડ પર છૂટી શકશે તેમ જણાવ્યું હતું. અરેસ્ટ કરાયેલા આ તમામ લોકો સામે માસ હિયરિંગ હાથ ધરવામાં આવી હતી જેમાં ૩૯ માઈગ્રન્ટ્સને જજે જામીન પર છોડવાનો આદેશ આપ્યો હતો. જોકે ત્યારબાદ આ તમામ લોકોને ટેક્સાસની કસ્ટડીમાંથી ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એટલે કે આઈસની કસ્ટડીમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા. ICEએ અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસેલા આ તમામ લોકોને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તે વાતને સમર્થન આપ્યું હતું. આ તમામ માઈગ્રન્ટ્સે બોર્ડર ક્રોસ કરી ત્યારબાદ બોર્ડર પેટ્રોલના એજન્ટોએ તેમની અટકાયત કરીને તેમને અલગ-અલગ ગ્રુપમાં વહેચવાનું શરૂ કર્યું હતું. જોકે, પોતાના ગ્રુપને અલગ કરી દેવાતા આ માઈગ્રન્ટ્સ ગુસ્સે ભરાયા હતા અને તેમણે બોર્ડર પર હંગામો શરૂ કર્યો હતો. આ દરમિયાન બોર્ડરની ચોકી કરી રહેલા ગાર્ડ્સ સાથે પણ આ માઈગ્રન્ટ્સે ઝપાઝપી કરી હતી અને એક ગાર્ડનું હથિયાર છીનવી લેવા માટે પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. માઈગ્રન્ટ્સના જે ગ્રુપે આ હોબાળો મચાવ્યો હતો તે તમામ લેટિન અમેરિકન દેશોના હોવાનું જાણવા મળ્યું છે જેમાં હોન્ડુરાસના એક અને વેનેજુએલાના બે માઈગ્રન્ટ્સ પર ગંભીર આરોપ લગાવાયા છે અને હાલ તેમને અલ પાસો કાઉન્ટી જેલમાં રાખવામાં આવ્યા છે તેમજ તેમના પર ૪૨,૦૦૦ ડોલરના બોન્ડ મૂકવામાં આવ્યા છે. ૨૧ માર્ચે બનેલી આ ઘટના બાદ ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે અલ પાસોમાં વધુ સૈનિકો તૈનાત કરવાનો ઓર્ડર આપ્યા બાદ ટેક્સાસ ટેકટિકલ બોર્ડર ફોર્સના ૨૦૦ સૈનિકોને આ વિસ્તામાં મોકલવામાં આવ્યા હતા. ટેક્સાસે પોતાની પોલીસને અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવાની સાથે કોર્ટ તેમને ડિપોર્ટ કે પછી જેલભેગા કરવાનો આદેશ આપી શકે તેની સત્તા આપવા માટે ઘણા સમય પહેલા જ એક કાયદો બનાવ્યો હતો. જોકે, આ કાયદાને ગવર્નરે મંજૂરી આપ્યા બાદ તેનો અમલ થાય તે પહેલા જ ફેડરલ ગવર્મેન્ટે તેની સામે કોર્ટમાં કેસ કરી દેતાં તેનો અમલ નહોતો કરી શકાયો.



ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ શ્રી જગદીપ ધનખર ઉત્તરાખંડના દેહરાદૂનમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન મસૂરી ખાતે આઈએએસ પ્રોફેશનલ કોર્સ ફેઝ-૧ના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ઈરાનમાં થયેલા આતંકી હુમલામાં ભારે ખુવારી

। (એજન્સી) તહેરાન, તા.૫ ।

ઈરાનમાં વિદ્રોહી સુન્ની બલૂચ જૂથ જૈશ અલ અદલે ઈરાનની સરહદ પરના ચાબહાર, રસ્ત અને સરબાઝમાં આવેલી સૈન્ય ચોકીઓ પર કરેલા હુમલામાં જાનહાનિના આંકડા પણ હવે સામે આવી રહયા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા છે અને મરનારામાં ૧૧ ઈરાની સૈનિકો તેમજ આતંકવાદીઓનો સમાવેશ થાય છે.આ આતંકી હુમલામાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડસના બેઝને પણ ટાર્ગેટ કરવામાં આવ્યુ હતુ. એ પછી ઈરાનના સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે કલાકો સુધી અથડામણ ચાલી હતી. આ અથડામણમાં ૧૦ સુરક્ષા કર્મીઓ ઘાયલ પણ થયા છે. હુમલો કરનાર આતંકી સંગઠન જૈશ અલ અદલ પહેલા પણ કહી ચુકયુ છે કે શિયા લોકોની બહુમતી ધરાવતા ઈરાનમાં લઘુમતી બલૂચી લોકોને અને સુન્ની લોકોને વધારે અધિકારો મળે તે માટે અમે લડી રહ્યા છે.

ઈરાનના મીડિયાનુ કહેવુ છે કે, કેટલાક આતંકવાદીઓએ આત્મઘાતી જેકેટ પણ પહેરેલા હતા.બે જગ્યાએ નાગરિકોને પણ બંધક બનાવામાં આવ્યા હતા.

### NCERT દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો

# બાબરી ધ્વંસ, ગુજરાત રમખાણ સહિતના વિષયો ધોરણ-૧૨ના અભ્યાસક્રમમાંથી દૂર કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।



નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) એ ધોરણ ૧૨ ની પોલિટિકલ સાયન્સ બુકમાં ઘણા ફેરફારો કર્યા છે. વાત જાણે એમ છે કે, પુસ્તકમાંથી બાબરી મસ્જિદ, હિંદુત્વની રાજનીતિ, ૨૦૦૨ના ગુજરાત રમખાણો અને લઘુમતીઓ સંબંધિત કેટલાક સંદર્ભો હટાવી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે, આ પુસ્તક શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી લાગુ કરવામાં આવશે. તાજેતરના વર્ષોમાં પુસ્તકોમાંથી ઘણા સંવેદનશીલ વિષયો દૂર કરવામાં આવ્યા છે.

NCERT એ તેની વેબસાઈટ પર આ ફેરફારો જાહેર કર્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સાથે સંલગ્ન શાળાઓમાં NCERT પુસ્તકો ભણાવવામાં આવે છે. દેશમાં આ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓની સંખ્યા લગભગ ૩૦ હજાર છે. CBSE બોર્ડની શાળાઓ ભારતના લગભગ દરેક ભાગમાં હાજર છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અન્ય રાજ્યોના બોર્ડના પુસ્તકોમાં પણ આવા ફેરફારો જોવા મળે છે.

એક ખાનગી મીડિયાના અહેવાલ મુજબ 'ભારતીય રાજનીતિઃ ન્યૂ ચેપ્ટર' નામના પોલિટિકલ સાયન્સના આઠમા પ્રકરણમાં 'અયોધ્યા ધ્વંસ'નો સંદર્ભ હટાવી દેવામાં આવ્યો છે. પ્રકરણમાં 'રાજકીય ગતિવિધિની પ્રકૃતિ માટે રામજન્મભૂમિ આંદોલન અને અયોધ્યા ધ્વંસનો વારસો શું છે?' તેને બદલીને રામ જન્મભૂમિ આંદોલનનો વારસો શું છે?' કરવામાં આવ્યું છે. NCERTનું કહેવું છે કે, આવું એટલા માટે કરવામાં આવ્યું છે જેથી પ્રશ્નોના જવાબોને નવા ફેરફારો સાથે જોડી શકાય. 'ઈન્ડિયન પોલિટિક્સઃ ન્યૂ ચેપ્ટર'માં જ બાબરી મસ્જિદ અને 'હિંદુત્વ રાજકારણ'ના સંદર્ભો પણ હટાવી દેવામાં આવ્યા છે. આ પ્રકરણમાં વધુમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે, સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચના નિર્ણય બાદ અયોધ્યામાં રામ મંદિર કેવી રીતે બન્યું. લોકશાહી અધિકાર નામના ૫મા પ્રકરણમાં ગુજરાત રમખાણોનો ઉલ્લેખ દૂર કરવામાં આવ્યો છે. NCERTનું કહેવું છે કે, આ ઘટના ૨૦ વર્ષ જૂની છે અને તેને ન્યાયિક પ્રક્રિયા દ્વારા ઉકેલવામાં આવી છે.આ સાથે કેટલીક જગ્યાઓ જ્યાં પહેલા મુસ્લિમ સમુદાયનો ઉલ્લેખ હતો તે પણ બદલવામાં આવ્યા છે. પ્રકરણ ૫ માં જ મુસ્લિમોને વિકાસના લાભોથી 'વંચિત' રાખવાનો સંદર્ભ દૂર કરવામાં આવ્યો છે. મુસ્લિમોના સંદર્ભમાં પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે કેવી રીતે તેમને અલગ ગણવામાં આવે છે, જેનાથી તેમની વિરુદ્ધ નફરત અને હિંસાનો પૂર્વગ્રહ વધે છે.

### આ દ્રશ્ય જોનારા કમકમી ગયા

# આખલાએ બાઈક સવારને ટ્રકના પૈડાં વચ્ચે પટક્યો

**તે જ સમયે સામેથી આવી રહેલા ટ્રક ચાલકે આ ઘટના જોઈને તરત બ્રેક લગાવતા બાઈક સવારનો બચાવ થયો**

। (એજન્સી) બેંગલુરુ, તા.૫ ।

અચાનક કોઈ અગમ્ય કારણોસર આખલાએ તેના શિંગડા વડે સ્કૂટર સવાર પર હુમલો કર્યો હતો. જે બાદ તે સ્કૂટર સાથે જમણી બાજુએ પડ્યો હતો. તે જ સમયે સામેથી આવી રહેલા ટ્રક ચાલકે આ ઘટના જોઈને તરત જ બ્રેક લગાવી દીધી હતી. જ્યારે ટ્રક ઉભી રહી ત્યારે સ્કૂટી સવારનું માથું અને ઉપરનું ધડ ટ્રકના આગળના અને પાછળના પૈડા વચ્ચે હતું. કહેવાય છે કે જીવન અને મૃત્યુની કોઈ ખાતરી નથી. એક સેકન્ડનો તફાવત જીવન બચાવી શકે છે. બેંગલુરુમાંથી એક ચોંકાવનારું CCTV ફૂટેજ સામે આવ્યું છે, જેમાં આ વસ્તુ સ્પષ્ટ જોઈ શકાય છે. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપ ણે જોઈ શકાય છે કે સ્કૂટર સવાર આરામથી રસ્તા પર આગળ વધી રહ્યો હતો. સામેની દિશામાં ડાબી બાજુથી એક બળદ આવી રહ્યો હતો અને જમણી બાજુથી એક ટ્રક પસાર થઈ રહી હતી. અચાનક કોઈ અગમ્ય કારણોસર આખલાએ તેના શિંગડા વડે સ્કૂટર સવાર પર હુમલો કર્યો હતો. જે બાદ તે સ્કૂટર સાથે જમણી બાજુએ પડ્યો હતો. તે જ સમયે સામેથી આવી રહેલા ટ્રક ચાલકે આ ઘટના જોઈને તરત જ બ્રેક લગાવી દીધી હતી. જ્યારે ટ્રક ઉભી રહી ત્યારે સ્કૂટી સવારનું માથું અને ઉપરનું ધડ ટ્રકના આગળના અને પાછળના પૈડા વચ્ચે હતું. ગભરાયેલો સ્કૂટર સવાર તરત જ ઊભો થઈને બેસી ગયો. જો કે ત્યાં સુધીમાં ટ્રક પણ થંભી ગઈ હતી. જેના કારણે તે વ્યક્તિ ટ્રકના ટાયર નીચે કચડાઈ જતા બચી ગયો હતો. તેમના જીવન અને મૃત્યુ વચ્ચે માત્ર થોડા ફૂટનું જ અંતર હતું. ડ્રાઈવરની સતર્ક આંખોએ ઘટના બની રહી હતી તે જોઈ અને કોઈ પણ સમય બગાડ્યા વિના તરત જ બ્રેક લગાવી દીધી. અકસ્માત દરમિયાન એક મહિલા પણ બળદની બરાબર આગળ ચાલી રહી હતી. પરંતુ મહિલાને બદલે આખલાએ સામેથી આવતા સ્કૂટર સવારને ઉપાડી લીધો અને તેના હોર્ન વડે તેને ફેંકી દીધો.

## તંત્રી લેખ...

# વાતાવરણના બદલાવથી ધરતી પુત્રો ચિંતામાં મૂકાયા

ભર ગરમીમાં ગુજરાતનું વાતાવરણ પલટાયું છે. આગાહી મુજબ ગુજરાતમાં વરસાદનું આગમન થયું છે. ગુજરાતના અરવલ્લી અને કચ્છ જિલ્લામા વાદળછાયા વાતાવરણ સાથે કમોસમી વરસાદ આવ્યો છે. ત્યારે ગુજરાતના અનેક જિલ્લાઓમાં વાદળછાયુ વાતાવરણ છવાયું છે. આમ, એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ વરસાદનું આગમન થયું છે. જોકે, આ વરસાદથી ગુજરાતમાં તાપમાનનો પારો નીચો જશે. લોકોને આકરી ગરમીથી થોડી રાહત મળશે. ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં ગણતરીના કલાકોમાં જ મોટો પલટો આવ્યો છે. જિલ્લાના શામળાજી ભિલોડા સહીત અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. વહેલી સવારે જિલ્લાભરમાં વાદળછાયું વાતાવરણ છવાયેલું છે. હવામાન ખાતાની આગાહી બાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જોકે, આ કમોસમી માવઠું થાય તો ઘાસચારો અને કેટલાક વિસ્તારોમાં ઘઉંના પાકને નુકસાન કરી શકે છે. વાતાવરણના બદલાવથી ધરતી પુત્રોમાં ચિંતામાં મૂકાયા છે. ગુજરાતના છેવાડાના કચ્છ જિલ્લામાં પણ વરસાદનું આગમન થયું છે. આજે વહેલી સવારથી સરહદી જિલ્લા કચ્છમાં વાદળો ઘેરાયા છે. તો કેટલાક વિસ્તારોમાં હળવા છાંટા પડ્યા છે. છેલ્લા બે દિવસ કચ્છમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી કે, ગુજરાતમાં એપ્રિલ મહિનામાં વાતાવરણમાં મોટો પલટો આવશે. એપ્રિલ મહિનામાં વરસાદ આવશે. સાથે જ વાતાવરણમાં આંધી વંટોળનું પ્રમાણ વધશે. એપ્રિલ માસથી પ્રી મોન્સુન એકિટીવીટી શરૂ થઈ જશે. આ કારણે એપ્રિલના બીજા સપ્તાહમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયાની શરુઆતથી તાપમાનમાં વધારો થશે. પરંતું ઉત્તર ભારતમાં આવી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ગુજરાતમાં તાપમાનમાં સામાન્ય ઘટાડો થશે. પરંતું એપ્રિલની શરૂઆત થતા જ વાતાવરણ ફરીથી પલટાઈ જશે. આગામી દિવસમાં ફરી તાપમાન ઊંચું જશે. ભીષણ ગરમીની ચેતવણી વચ્ચે કેન્દ્ર દ્વારા એડવાઈઝરી જાહેર કરાઈ છે. હીટ સ્ટ્રોક જીવલેણ સાબિત ન થાય તે માટે સરકાર સક્રિય બી છે. આરોગ્ય મંત્રીએ હવામાન, આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જેમાં લોકોને ગરમીમાં ખાસ સાવધાન રાખવાની સલાહ અપાઈ છે. મહત્વનું છે કે હવામાન વિભાગે આ વર્ષે એપ્રિલ મે અને જૂન મહિના સુધી દેશના અનેક રાજ્યોમાં સૌથી વધુ ગરમીની આગાહી કરી છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઓડિશા, ઉત્તર છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશનો સમાવેશ થાય છે. આ વખતે સરકાર એટલા માટે સક્રિય થઈ છે. કેમ કે એપ્રિલથી અનેક રાજ્યોમાં લોકસભાની અને વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ દરમિયાન મતદાનના સમયે લોકોને કોઈ અસર ન થાય તે માટે સરકારે લોકોને સતર્ક રહેવા માટે સલાહ આપી છે.

## ભારતનો આત્મહત્યા દર વૈશ્વિક દરથી ૨૦ ટકા વધારે છે

ગત દિવસોમાં એક દિવસના અંતરાલમાં બે છાત્રોની આત્મહત્યા કરવાના સમાચાર આવ્યા. કોટામાં આ વર્ષે અત્યાર સુધી આઠ છાત્રોએ જીવન ટૂંકાવી દીધું છે. ૧૬ વર્ષના એવા જ એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરતાં પહેલાં ચિઠ્ઠી લખી, 'સોરી પપ્પા, આઈઆઈટી નહીં થઈ શકે.' આપણે નિયમિત રૂપે સ્કૂલનાં બાળકો, પ્રતિયોગી પરીક્ષાઓની તૈયારી કરનારા અભ્યર્થીઓ અને ત્યાં સુધી કે આઈઆઈટી જેવી શિક્ષણ સંસ્થાઓમાં એવી ઘટનાઓ વિષયે સાંભળતા રહીએ છીએ, જ્યાં દબાણનો સામનો કરવાને કારણે છાત્રો આત્મહત્યા કરી લે છે. નવા ભારતમાં બુઝાતા આ યુવા જીવનદીપોથી વધારે નિરાશાજનક કશું જ ન હોઈ શકે. હાલનાં આંકડા અનુસાર એક વર્ષમાં ૧,૭૦,૦૦૦થી વધુ ભારતીયોએ આત્મહત્યા કરી. ૨૦૨૨માં પ્રતિ એક લાખ જનસંખ્યા પર આત્મહત્યાનો દર વધીને ૧૨.૪ થઈ ગયો. આત્મહત્યાના મામલે આ અત્યાર સુધીનો સૌથી ઊંચો દર છે. ભારતનો આત્મહત્યા દર વૈશ્વિક દરથી ૨૦ ટકા વધારે છે. ભારતમાં આત્મહત્યાઓ અસ્વાભાવિક મોતનું સૌથી મોટું કારણ છે. આત્મહત્યાથી થનારી જાનહાનિક સડક દુર્ઘટનાઓમાં જીવ ગુમાવનારાઓ કરતાં પણ છ ગણી વધારે છે અને ચિંતાજનક વાત એ છે કે ભારતની યુવા પેઢી જીવનનું દબાણ સહન કરવામાં હારી જાય છે. દર વર્ષે આત્મહત્યાની મનોવૃત્તિએ ૧૦,૦૦૦થી વધુ લોકોને પોતાની ઝપટમાં લીધા, જેમની ઉંમર ૧૮ વર્ષથી ઓછી રહી. એ પણ ઉલ્લેખનીય છે કે દેશમાં આત્મહત્યા કરનારામાં લગભગ ૭૦,૦૦૦ની ઉંમર ૩૦ વર્ષથી ઓછી હતી. ભારતીય યુવાઓને આત્મહત્યા કરવા માટે શું મજબૂર કરે છે? તેને સમજવું અને તેનું નિવારણ દેશ માટે બહુ જરૂરી છે. જ્યાં દુનિયાની સૌથી મોટી યુવા આબાદી રહેતી હોય. સૌથી પહેલાં આપણે સમજવું પડશે કે ભારતીય યુવા વિશેષ કરીને કિશોર ભારે શૈક્ષણિક દબાણમાંથી પસાર થાય છે. આપણે એક એવી શિક્ષણ પ્રણાલીમાં વિકસિત થઈ ગયા છીએ, જ્યાં ૯૯ ટકા અંક પ્રાપ્ત કરવા પણ કોઈ છાત્રને શ્રેષ્ઠ કોલેજોમાં પ્રવેશ અપાવવા માટે પૂરતું નથી હોતું. જે ઉંમરમાં બાળકોએ સપનાં જોવાં જોઈએ, તે ઉંમરમાં તેમને પ્રતિયોગી પરીક્ષાઓમાં ધકેલવામાં આવે છે. નવમા ધોરણનું બાળક હંમેશાં એ વાતે પરેશાન રહે છે કે દરેક સંબંધી અને પરિચિત તેમને મળતાં જ એમ કહીને એક પ્રકારે ડરાવે છે કે 'આગલા વર્ષે બોર્ડ પરીક્ષા છે!' આવી વ્યવસ્થામાં શિક્ષણ ક્યારેય ખતમ નહીં થનારો બોજ બની જાય છે અને આ પ્રક્રિયામાં જ્ઞાન મેળવવાની યાત્રાનો સ્વાભાવિક આનંદ ખતમ થઈ જાય છે. આ બધું ત્યારે છે જ્યારે એ સત્ય કોઈથી છૂપું નથી કે જીવનની સફળતા કોઈ એક પરીક્ષા પર નિર્ભર નથી કરતી. આ વિકરાળ થતી સમસ્યાનું સમાધાન શોધીએ તો આપણે આપણી એ વ્યવસ્થાને બદલવી પડશે, જ્યાં બે-ત્રણ કલાકની પરીક્ષા કોઈ યુવાની ક્ષમતાને આંકવાનો એકમાત્ર માપદંડ છે. આપણે એક એવી સંસ્કૃતિ પોષિત કરવાની જરૂરિયાત છે, જ્યાં જ્ઞાનને સમજવું, આનંદ લેવો અને જીવનમાં તેને ઉપયોગમાં લાવવું વધુ મહત્ત્વપૂર્ણ છે, નહિ કે તથ્યો અને આંકડાને યાદ રાખવા. આપણે ભારતના ટીયર-૨ કોલેજોને બહેતર બનાવવામાં રોકાણની જરૂર છે, જેથી હંમેશાં 'ટોપ' કરવાનું દબાણ ઓછું થાય. આપણે એક એવા પરીક્ષા તંત્ર બનાવવાની જરૂર છે જ્યાં શૈક્ષણિક આંકડા ઉપરાંત, રમત, નેતૃત્વ, સામાજિક કાર્ય, સંગીત, નવાચાર અને કલા પણ કોલેજો અને પ્રતિસ્પર્ધા પરીક્ષાઓ માટે મૂલ્યાંકન-પસંદગી યાદીને અંતિમ રૂપ આપવામાં એક કારક બને.

**સૂરતાની મહેંદી, મંગલસૂત્ર અને પાનેતર શું છે ! એનાં અલંકાર અને કેશકલાપ શું છે !**

# માનસ એ સેતુની કથા છે, સંગમની કથા છે, એ પરસ્પરના પ્રેમની કથા છે


સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અહીં બે મત રખાયા છે કોઈ કોઈ કહે છે કે ભગવાન પુષ્પક વિમાન નીચે ઉતારીને સપલી રામેશ્વરની પૂજા કરે છે, જ્યારે બીજો મત કહે છે કે અયોધ્યામાં ભરતનો જીવ દાવ પર લાગેલો હોવાથી વિમાનમાંથી જ દર્શન કરી લે છે**

।શીર્ષક- માનસ સેતુ (ભાગ ૩) (રામેશ્વર)।

ત્રીજા દિવસની કથામાં પ્રવેશ કરતાં કહ્યું કે, ભગવાન રામ ખુદ યુદ્ધમાં કોણ કોણ, કયા સમયે, કયા સ્થળે, અને કોના હાથે મરાયા હતાં, એનું વર્ણન કરે છે. રાક્ષસો તો ભગવાન રામના હાથે મૃત્યુ પામી નિર્વાણ પ્રાપ્ત કરે છે, પરંતુ કોઈ રહી ગયું હોય તો, ફરીવાર તેનું નામ લઈ અને જાનકીજીના મુખે એટલે કે ભક્તિના મુખે પણ તેનું નામ બોલાવી તેને નિર્માણ પ્રદાન કરે છે! અને સાથોસાથ પુષ્પક વિમાન જ્યારે સેતુ પરથી પસાર થાય છે ત્યારે પોતે બનાવેલા સેતુની વાત કરે છે. અહીં બે મત રખાયા છે કોઈ કોઈ કહે છે કે ભગવાન પુષ્પક વિમાન નીચે ઉતારીને સપત્ની રામેશ્વરની પૂજા કરે છે, જ્યારે બીજો મત કહે છે કે અયોધ્યામાં ભરતનો જીવ દાવ પર લાગેલો હોવાથી વિમાનમાંથી જ દર્શન કરી લે છે. ભગવાન કુંભકરણ અને રાવણ મરાયા હતાં એવી વાત કરે છે, એમાં પોતાનું કર્તાપણું બતાવતા નથી. જ્યારે લક્ષ્મણે ઈન્દ્રજીતને માર્યો એવું સ્પષ્ટ કહે છે. સેતુ પરથી વિમાન પસાર થાય છે, ત્યારે પ્રભુ પોતે કર્તાપણાનો સ્વીકાર કરે છે, અને કહે છે હે જાનકી જુઓ આ નમકના સિંધુ પર મેં સેતુ બનાવ્યો! એ દર્શાવે છે કે પ્રભુ જોડવાનું કાર્ય પોતે કર્યું એવું બતાવીને કહે છે કે, બ્રહ્મ હોવા છતાં હું પણ અત્યારે માનવી છું. તો માનવી તરીકે કર્તાપણું આવે!: પણ એ જોડવાની કે સમન્વયની ક્રિયા માટે આવવું જોઈએ. માનસ જેમાં યોગ છે, જેમાં સમન્વય છે જે ફક્ત જોડવાની વાત કરે છે.

માનસ એ સેતુની કથા છે, સંગમની કથા છે, એ પરસ્પરના પ્રેમની કથા છે, ભગવાન કહે છે કે અહીં મેં સેતુ બનાવ્યો, અને પછી ત્યાં ભગવાન શિવની સ્થાપના કરી. એટલે કે કલ્યાણની સ્થાપના કરી, વિશ્વ મંગલની સ્થાપના કરી!; તો આવા કાર્ય માટે આપણામાં હું પ્રગટ થાય તો એ કોઈ ગુનો નથી!: જાનકીજીને કહે છે કે હે જાનકીજી મેં આપની માટે થઈને આ બધું કર્યું, એટલે ઠાકુર કેટલા રસિક છે! પરમાત્માનો પર્યાય જ રસ છે, અને તેની હત્યા ન કરો! સાદગીનો મતલબ રસ શૂન્યતા નથી. રસ પરમાત્મા છે, રસો વૈ સઃ। કોઈ ધર્મએ લોકોને રસ શૂન્યતા તરફ દોર્યા છે, અને રસિકતાની આલોચના પણ કરી છે.

હે અગર રસ્મો રિવાજો સે બગાવત હૈં તો હૈ! આવી હિંમત જોઈએ, પ્રેમ ભક્તિ એ કોઈ કાયરનો માર્ગ છે જ નહીં. બગાવત છે તો છે, સંસારની ભીતિમાં બીજું બધું થઈ શકે, ભક્તિ નથી થઈ શકતી. કૈલાશ પંડિતની રચનાને કોટ કરી.

**દર્દને ગાયા વિના રોયા કરો,**
**પ્રેમમાં જે થાય તે જોયા કરો,**
**લો હવે કૈલાશ ખુદને કાંધ પર,**
**રાહ કોઈની ક્યાં સુધી જોયા કરો!**

ભીતિથી ભક્તિ નથી પ્રગટ થતી, પણ એનો મતલબ એ નથી કે આપણે સ્વછંદી થઈ જઈએ. પ્રેમ કોઈને સ્વચ્છંદી થવા નથી દેતો, એ દેવતા છે, એની પોતાની મર્યાદા છે. આપણને ડરાવવામાં આવ્યા છે કે રસ નહીં! હું એ રસની વાત કરું છું જે, પરમાત્માનો પર્યાય છે. કૃષ્ણ છે સીધા સાદાં, પરંતુ રસની સૃષ્ટિમાં એટલે કે બ્રહ્માંડમાં ડુબાડી દે છે. મહાદેવ પણ સીધા સાદા દેખાય છે, કાલિદાસને વાંચીએ તો ખબર પડે કે મહાદેવ કેટલા રસિક છે. ભગવાન રામ પણ ઉદાસીન અને સરળ સ્વભાવના છે, પણ એ પણ રસિક છે. લક્ષ્મણજીની ગેરહાજરીમાં કોઈ મર્યાદા તૂટે નહીં એ રીતે રામજી જાનકીજીનો શણગાર કરે છે રસ મરવો ન જોઈએ.

**એક બાર ચુનિ કુસુમ સુહાયે,**
**નિજ કર ભૂષન રામ બનાયે.**

ભગવાન રામ વનવાસી છતાં પણ કેટલા રસિક ફુલ ચોંટીને માળા બનાવી રહ્યા છે, જાનકીના કેશમાં શોભા વધારી રહ્યા છે. હાથમાં કંગનની જગ્યાએ ઠાકોર માળાઓ પહેરાવી રહ્યા છે. તો યુવાન ભાઈ બહેનો વાણી સાદી હોય, વર્તન સાદું હોય, ચાલો વેશ પણ સાદો હોય, ભોજન પણ સાદું હોય, પરંતુ રસિકતા પૂરેપૂરી હોવી જોઈએ. કથા રસ છે, કૈલાશ પર કથા પહેલાં શંકર ક્યાં હતાં ? તુલસી લખે છે,

**મગન ધ્યાન રસ દંડ જુગ પુનિ મન બાહેર કિન્હ ।**

રસમાં ડૂબ્યા છે શંકર, પછી કહેવા માટે આલ્હાદિત થઈને રસમાંથી બહાર નીકળ્યા છે. એટલે રસ તો હોવો જ જોઈએ. રસ હશે તો ડિપ્રેશન નહીં આવે, પણ રસમય જીવનનો મતલબ એવો નથી કે તમે મન ફાવે એમ જીઓ. નર્તન રસ છે! ગાયન રસ છે! દરેક વિદ્યા અને કલા રસ છે! ભગવાન જાનકીજીને વિમાનમાંથી બતાવી રહ્યા છે, ત્યારે વિશાલાક્ષી એ સંબોધન કરે છે, અને કહે છે કે હે દેવી મેં તમારા માટે શું કર્યું! આંખ એ દેહનું સર્વશ્રેષ્ઠ આભૂષણ છે. પરમાત્માએ આંખ રૂપે માણસને સૌથી શ્રેષ્ઠ આભૂષણ આપ્યું!; અને તેથી ભગવાન પણ જાનકીને વિશાળ નેત્ર વાળી એમ સંબોધન કરે છે. વાલ્મિકી રામાયણમાં સેતુબંધનો પ્રસંગ નથી, રામ યુદ્ધ કરીને જાનકીને લઈને પુષ્પક વિમાનમાં પાછા ફરે છે, ત્યારે જ મેં અહીં શિવની સ્થાપના કરી એવો નાનકડો એવો સંદર્ભ બતાવ્યો છે.

ગઈકાલે આપણે મહર્ષિ કમ્બની વાત કરતા હતાં, તો એમાં બે વાત છૂટી ગઈ હતી. અહીં રાવણે બે વરદાન આપ્યા છે, અને એક આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. રાવણ શીલવાણ માણસ છે! આપણને કદાચ અત્ર તત્ર એટલે કે દરેક જગ્યાએ રાવણનું શીલ ન દેખાય, પણ એણે જાંબુવંતનું સ્વાગત કર્યું, અને કહ્યું કે આપ મારા પિતામહ બ્રહ્માજીના મિત્ર છો, એમના અંશ જ છો, એટલે આપ મારા માટે પૂજ્ય છો, એમ કહી રાવણ ઉભો થઈ ગયો હતો! બીજું એણે અંગદ માટે કહ્યું, હે કપિ મહાબલ શીલા. તમારે ત્યાંથી એક શીલવાન વાનર આવ્યો હતો! બીજાના શીલની સ્વીકૃતિ એ પણ શીલ છે, એટલે એ રીતે રાવણ સ્પષ્ટ રૂપમાં શીલવાન છે. રાવણે પોતે સિયાજૂને અહીં બોલાવી રામની બાજુમાં બેસાડ્યા છે, અને સૌભાગ્યવતી નું વરદાન આપ્યું છે, એટલે કે સાથોસાથ પોતાનું મોત માંગ્યું છે!; આ ઉપરાંત જણાવ્યું કે આપ અત્યારે તપસ્વી છો આપની માટે કોઈ સત્કર્મની બાધતા નથી તો આવું યજ્ઞકાર્ય શું કામ કરવા જઈ રહ્યા છો! ભગવાનને કહ્યું કે મેં યજ્ઞ કાર્ય કરાવ્યું છે માટે મને દક્ષિણા આપો!: ત્યારે એમણે કહ્યું કે આપના બાણથી જ્યારે મારું મૃત્યુ થાય, ત્યારે મારી સમીપે આપ ઉભા રહો એવા આશીર્વાદ દક્ષિણમાં ઈચ્છું છું.

મહર્ષિ કમ્બ ભગવાન રામેશ્વરની સ્થાપના યુદ્ધ બાદ બતાવે છે, અને હનુમાનજીને શિવલિંગ લેવા કૈલાશમાં મોકલે છે પણ એમને આવતા વાર લાગે છે, અને જાનકીજીના હાથે રેતીનું શિવલિંગ સ્થાપિત થાય છે. પણ બાદમાં હનુમાનજી આવ્યાં, અને એમના દ્વારા લાવવામાં આવેલું શિવલિંગ જ અહીં સ્થાપિત થવું જોઈએ, એવો એમનો મત પડ્યો! ભગવાન કહે છે કે તો આ શિવલિંગને તું ઊંચકીને રાખી દે અને તું લાવ્યો છે એ શિવલિંગ અહીં સ્થાપિત કરી દે! કથા કહે છે કે હનુમાનજીએ ઘણી કોશિશ કરી, પરંતુ શિવલિંગ જરાય હલ્યું નહીં. હનુમાનજીની પૂંછ છટકી ગઈ, અને હનુમાનજી દૂર સમુદ્રના તટ પર પડ્યાં, હનુમાનજી લોહી લુહાણ થઈ ચૂક્યા! ભગવાને કહ્યું કે આ તારામાં હું લાવ્યો, એનો જે હું આવ્યો એની સજા થઈ! મહર્ષિ વાલ્મિકી અને કમ્બના કહેવા મુજબ ત્યારે હનુમાનજીને રામ એ જ પરબ્રહ્મ એવી અનુભૂતિ થઈ. જ્યારે તુલસીના જણાવ્યાં અનુસાર પ્રથમ દષ્ટિમાં જ હનુમાનજી જાણી ગયાં હતાં કે આ પરબ્રહ્મા પરમાત્મા છે.ભગવાને હનુમાનજી લાવ્યાં હતાં એ શીવલીંગની સ્થાપના પણ કરીને હનુમંતેશ્વર નામ આપ્યું.

ત્રણ વાત યાદ રાખજો જ્યોતિના રૂપ માં શિવલિંગ બહાર છે, એટલે કે બાર જ્યોતિર્લિંગ છે. ભગવાન મહાદેવની મૂર્તિ ૮ છે, પરંતુ ભગવાન રામેશ્વર રૂપે શિવે લીધેલા રૂપ બાર છે, એની ચર્ચા હું કાલે કરીશ.

સદગુરુને પ્રિય થવા શું કરવું જોઈએ, એના ઉત્તરમાં કહ્યું કે સહજો બાઈ અને દયા બાઈના ગુરુ ચલણદાસ પાસે પણ આવો પ્રશ્ન એકવાર આવ્યો હતો. સહજો બાઈ એ કહ્યું કે મારી માટે ઈશ્વર કરતાં પણ ગુરુનું મહત્વ વધું છે, રામને મેં જોયા નથી, એને હું જોઈ શકું નહીં, એને હું સાંભળી શકતી નથી, આ ઉપરાંત ભગવાન મને જુવે છે, મને સાંભળે છે, એ મને ખબર નથી, પણ મારા ગુરુ સાથે મારે નિત્યનો સથવારો છે. ગુરુ તો સૌને પ્રેમ જ કરે છે,આપણને એ અનુભવાતો નથી, તો એ આપણી ચૈતસિક અવસ્થાનું કારણ છે. સવાલ ચાર લકીરનો છે, આપણે કંઈ લકીરમાં છીએ! ગુરુપ્રીતી માટે સૌથી મોટી શરત અખંડ વિશ્વાસ છે. ગુરુ તો વિચાર છે, ગુરુ વર્તન છે! ગુરુ ગુણાતીત વૃત્તિ છે.ગુરુ અસ્તિત્વની બરોબરી કરી શકે એવું પરમ વ્યક્તિત્વ છે. શિષ્ય માટે ગુરુથી આગળ કોઈ તત્વ નથી. રુદ્રાષ્ટક પર કથા કરી હતી, ત્યારે ગુરુના આઠ રુપ બતાવ્યા હતાં.

**ભગવાને સુદામાને અખૂટ સંપત્તિ આપી ત્યારે યમરાજને દુઃખ થયું તેણે ભગવાનને કહ્યું કે, સુદામાના નસીબમાં દારિદ્રયનો યોગ છે**

# જીવનમાં ધર્મ અને મોક્ષ ગૌણ બનશે, તો તમારું ગાડું અધોગતિ રૂપ ખાડામાં જશે


વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સંસારને માખણ, દહીં, દૂધ વગેરેને ગાડામાં રાખ્યાં અને ભગવાનને ગાડા અને ભગવાનને ગૌણ સ્થાન આપ્યું એટલે ગાડું ઉથલ્યું, તમે પણ ગાડા નીચે શ્રી કૃષ્ણને રાખશો તો શકટાસુર ગાડા ઉપર ચઢી બેસશે**

ગૃહસ્થાશ્રમએ ગાડું છે. પતિપત્ની પૈડા છે. આ ગાડા ઉપર શ્રીકૃષ્ણ પધરાવો.આ જીવનગાડાના સારથિ શ્રીકૃષ્ણ છે,ઈન્દ્રિયો ઘોડા છે,શરીર રથ છે. પ્રભુને કહો, નાથ, તમારે શરણે આવ્યો છું. મારું શરીર રથના બે સારથિ બને તેને સીધે માર્ગે લઈ જાઓ.જેના શરીર રથના સારથિ ઈશ્વર બનતા નથી, તેના શરીરરથ નો સારથિ મન બને છે અને મન સારથિ બને તો જીવન રથને ખાડામાં નાખે છે. તમારા ગાડા ઉપર પરમાત્મા વિરાજતા ન હોય તો આ ઈન્દ્રિયરૂપી ઘોડાઓ તમારા ગાડાને ખાડામાં નાખશે.

કેટલાક સમજે છે કે, રજાને દિવસે ખૂબ ખાવાનું અને ખૂબ સૂવાનું.આ તો કુંભકર્ણનો અવતાર કહેવાય. આવું ન કરો!વીર થવાનો વાર રવિવાર છે. રજાના દિવસે બે માળા વધારે ફેરવો! રવિવારના દિવસે એક ભાઈએ કથામાં જવાનું નક્કી કર્યું. તેવામાં બાબો રડવા લાગ્યો.એટલે બબલા ની બાએ કહ્યું કે, બાબાને રડતો મૂકી કથામાં જશો તો શું પુણ્ય મળશે? ભાઈએ ક્યાંય સાંભળેલું કે, કોઈ ના દિલને દુભા વવું નહીં,તો બબલાની બાનું દિલ કેમ દુભાવાય ? ભાઈએ કથામાં આવવાનું માંડી વાળ્યું. ઘરે રહીને વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કર્યો હોત તો તો ઠીક હતું,પણ યાદ આવ્યું કે, આ છેલ્લું અઠવાડિયું છે અને ભાઈનું ગાડું કથામાં ન આવ્યું, પણ ફિલ્મ જોવા ગયું. ખાડામાં ગયું.

પતિ પત્નીનો સંબંધ વિલાસ માટે નથી, પ્રભુભજન કરવા માટે છે. ગૃહસ્થના જીવનમાં ભોગ મુખ્ય નથી,ભગવાન મુખ્ય છે.ગાડું અવળા માર્ગે જાય,એટલે ભગવાન તમારું સંસારગાડું ઉથલાવે છે. ગાડા ઉપર ભગવાનને પધરાવવા જોઈએ, એને ગાડા નીચે ન રાખવા જોઈએ. યશોદાજીએ અવળું કર્યું. સંસારને માખણ, દહીં, દૂધ વગેરેને ગાડામાં રાખ્યાં અને ભગવાનને ગાડા અને ભગવાનને ગૌણ સ્થાન આપ્યું એટલે ગાડું ઉથલ્યું. તમે પણ ગાડા નીચે શ્રી કૃષ્ણને રાખશો તો શકટાસુર ગાડા ઉપર ચઢી બેસશે.કામ એ શકટા સુર છે,લોભ એ શકટાસુર છે. દહીં-દૂધએ પ્રતીક છે.જેના જીવન માં શ્રીકૃષ્ણ ગૌણ છે તેના ગાડા ઉપર શકટાસુર ચડી બેસે છે.

દાંપત્યજીવનમાં ધર્મ મુખ્ય છે, તેથી તો પત્નીને ધર્મપત્ની કહે છે. પૈસો અને વિલાસ પ્રથમ નથી, ધર્મ પ્રથમ છે. પૈસો જ સર્વસ્વ છે એમ સમજાવા માંડયું ત્યારથી જીવનમાં થી શાંતિ ગઈ છે. પૈસાને મુખ્ય ગણવાથી સદાચાર ગયો. પૈસા કરતાં વધારે સુખ સંયમ અને સદાચારથી મળે છે.

ધર્મ,અર્થ,કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં પહેલો ધર્મ છે અને છેલ્લો મોક્ષ છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખ્યા છે એટલે કે અર્થ અને કામ, ધર્મ અને મોક્ષની મર્યાદામાં રહીને મેળવવાં જોઈએ. માનવજીવનમાં અર્થ અને કામ ગૌણ છે. પરંતુ ધર્મ અને મોક્ષ એ પ્રધાન છે. તમારા જીવન માં ધર્મ અને મોક્ષ ગૌણ બનશે, તો તમારું ગાડું અધોગતિ રૂપ ખાડામાં જશે.

શકટાસુર છાતી ઉપર ચડી ન બેસે તેનો એક ઉપાય છે. એક સંતના મત પ્રમાણે શકટાસુરે લીલા કરી ત્યારે ભગવાન ૧૦૮દિવસના હતા તમારી છાતી ઉપર શકટાસુર એટલે કે કામ, ક્રોધ, લોભ વગેરે ચડી બેસે ત્યારે ૧૦૮ મણકાની માળા હાથમાં લેવી અને ભગવાન ના નામની માળા ફેરવવી, શકટા સુર હણાયો જ જાણો! ભગવાને ૧૦૮ દિવસ ગણ્યા, તેમ તમે પણ ૧૦૮ શક્યો એટલેકે માળા હાથમાં લો અને પ્રભુને મણકેમણકે આત્મ સમર્પણ કરતા જાઓ છે શકટાસુર શાંત થશે. માળા સાથે મૈત્રી ન કરો તો શકટા સુર માથે ચડી બેસશે. કામનો વેગ કોણે વેગ ખોળવો હોય તો પરમાત્માનો આશ્રય કરવો પડશે.

એક દિવસ યશોદાજી બાલકૃષ્ણને ખોળામાં બેસાડી રમાડતાં હતાં. ત્યાં લાલાનું વજન વધતું જતું લાગ્યું. વધતાં વધતાં લાલો એવો ભારે બની ગયો કે. યશોદાજી શ્રીકૃષ્ણને ત્યાં મૂળી ઘરકામમાં લાગ્યાં. તે વખતે તૃણાવર્ત નામનો રાક્ષસ વંટોળિયાનું રૂપ ધરીને આવ્યો અને શ્રીકૃષ્ણનું હરણ કરી આકાશમાં ચઢી ગયો. ભગવાન એવા ભારે બની ગયા કે તૃણાવર્ત એમને ઝાલી રાખીશકયો નહીં,ને ભગવાને જ એને ઝાલ્યો, એવો ઝાલ્યો કે તૃણાવર્ત ના પ્રાણ ઊડી ગયા. તૃણનો વંટોળિયોએ તૃણાવર્ત. તૃણાવર્ત એટલે રજોગુણના વંટોળ. કામ અને ક્રોધ એ રજા ગુણના પુત્ર છે. રજોગુણ મનમાં આવે એટલે મન ચંચળ થાય. તૃણાવર્ત રૂપી વંટોળિયો આ ખાલે મન ચંચળ થાય.બુદ્ધિ ઈશ્વર થી વિમુખ બને એટલે તૃણાવર્ત આવ્યો એમ કહેવાય. સંસારનું સૌંદર્ય નિહાળવામાં સુખ લાગે એટલે આંખમાં તૃણાવર્ત બેઠો એમ માનવું અને તે પછી ભગવાન ખાતા બંધ થાય.

શ્રીકૃષ્ણ ધીરે ધીરે હવે મોટા થયા. હવે ઘુંટણીએ ચાલતા એ ગૌશાળા માં આવે છે. એક ગાયને બે ત્રણ દિવસનો વાછરડો હતો. વાછરડો હમ્મા હમ્મા કરે ત્યારે શ્રીકૃષ્ણ મૈયા મૈયા કરે છે. કનૈયો વાછરડાને છોડતો નથી.ગાયો આનંદમાં વાછરડાને ભૂલી જાય અને વહાલ થી કનૈયાને ચાટે છે. યશોદાને ખાતરી થઈ કે,ગાયોના આશિષથી આપણને દીકરો થયો છે. કનૈયો તો ગાયો સાથે રમે. ગાયનું પૂછડું પકડીને કનૈયો ઊભો થવા જાય. આથી તેનું હુલામણું નામ પડયું વત્સ પુચ્છાવલંબનમ્ (વાછરડા પૂંછડા નો ટેકો લેનારો).

એક વખત યશોદાજી લાલાને ધવડાવતાં તેનું સુંદર મુખ નિહાળે છે. માનો પ્રેમ હોય ત્યારે ભગવાન ખૂબ ધાવે છે. બાળક બહુ ધાવે તો માને ચિંતા થાય છે. વધારે ધાવશે તો અપચો થશે. કનૈયો બહુ ધાવે છે. યશોદાને ચિંતા થાય છે. પ્રભુ કહે છેઃ હું બહુ ધાવું, પણ તારું દૂધ હું એકલો પીતો નથી. મારા સુખમાં રહેલું સંપૂર્ણ વિશ્વ તેનું પાન કરે છે. તેવામાં શ્રીકૃષ્ણે બગાસું ખાધું. પ્રભુએ યશોદાને એ મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં! કનૈયો કહે છે, મા તું એકલાને ધવડાવતી નથી.તું સમસ્ત બ્રહ્માંડ ને ધવડાવે છે.

ભગવાને સુદામાને અખૂટ સંપત્તિ આપી ત્યારે યમરાજને દુઃખ થયું. તેણે ભગવાનને કહ્યું કે, સુદામાના નસીબમાં દારિદ્રયનો યોગ છે. તેના ભાગ્યમાં શ્રી ક્ષયઃ લખ્યું છે. તો આપે સુદામાને આટલું ઐશ્વર્ય કેમ આપ્યું?તમે આવું કરશો તો જગત માં કર્મમર્યાદા રહેશે નહીં. ત્યારે પ્રભુએ યમરાજાને કહ્યું,જો ભાઈ, હું વેદની કર્મ મર્યાદા તોડતો નથી. જે મને જમાડે છેતે સમસ્ત બ્રહ્માંડ ને જમાડે છે. મૂઠી પૌવા આપી સુદામાએ સમસ્ત બ્રહ્માંડને જમાડયું છે. એ કેમ વૃથા થાય? આમ ભગવાન કર્મની મર્યાદા તોડતા નથી. યશોદાને પ્રભુએ કહ્યુંઃ મા, તું મને તૃપ્ત કરતી નથી, સમસ્ત બ્રહ્માંડને તૃપ્ત કરે છે.તે પછી ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારની વિધિ કરવા આવે છે. સંસ્કારથી મન શુદ્ધ થાય છે, વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે.

શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજકાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે.સંસ્કારનો લોપ થતો જાય છે, એટલે દેશ દુઃખી છે. અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ, જનોઈ વગેરે સોળ સંસ્કાર છે. જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજકાલ ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું નથી,કેવળ લૌક્કિનેમહત્ત્વ આપ વામાં આવે છે.

ગર્ગાચાર્યની પરીક્ષા કરવા રોહિણી ની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદાની ગોદમાં બળરામને રાખ્યા છે.

ગર્ગાચાર્યે નંદબાબાને કહ્યુંઃ બાબા, રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે, તે તો રંગ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે. તે સર્વના મનને આકર્ષી લેશે. તે સર્વને આનંદ આપશે. તેથી તેનું નામ શ્રીકૃષ્ણ રાખો. તેના જન્માક્ષર બહુ સારા છે.એ મહાજ્ઞાની અને મહાયોગી થશે. પાંચ ગ્રહો ઉચ્ચમાં પડયા છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે,પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે.

**નંદબાબા ગભરાય છે રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે?**

ગર્ગાચાર્ય કહે છે : તેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે.

નંદબાબા કહે છેઃમને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છે કે, તમારા લાલાને સોળ હજાર રાણી ઓ થશે.

**ગર્ગાચાર્યઃ બાબા, વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે,નારાયણ સમાન છે**

સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે, નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે. માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં,પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં,પણ નારાયણ શ્રી કૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે. નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે, તેમાં નારાયણ મુખ્ય અને શ્રીકૃષ્ણ ગૌણ છે.શ્રીકૃષ્ણ સમાનનારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્ય અને નારાયણ ગૌણ છે. શ્રીકૃષ્ણ અને નારાયણમાં કાંઈ ફેર નથી. આ કેવળ પ્રેમનો મધુર કલહ છે. શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે, આવો અર્થ કરીએ છે તો શ્રીકૃષ્ણ પ્રદાન અને નારાયણ ગૌણ બને છે નારાયણમાં સાત ગુણ છે જ્યારે મુરલી મનોહર કૃષ્ણમાં ચૌસઠ ગુણો છે.

વાચક ચાહક મિત્રો,ગરમી વચ્ચે ઠંડીનો અહેસાસ થઈ રહયો છે ને? બસ કુદરત જ આ છે.. આપણે સૌ કુદરતી સંપત્તિનું જતન કરી પર્યાવરણને બગડતું અટકાવવા પ્રયત્ન કરીએ તેવી આશા સહ અસ્તુ.

# પ્રિયંકા ચોપરાના ભાઇ સિદ્ધાર્થે ગર્લફ્રેન્ડ નીલમ સાથે કરી સગાઇ

**બોલિવૂડ સ્ટાર પ્રિયંકા ચોપરાએ થોડા દિવસો પહેલાં મુંબઇ આવી હતી, આ પાછળનું કારણ ભાઇ સિદ્ધાર્થ ચોપરાની સગાઇ સેરેમની હતી**

બોલિવૂડમાંથી ગ્લોબલ સ્ટાર બની ચુકેલી અદાકાર પ્રિયંકા ચોપરા છેલ્લા ઘણાં દિવસોથી મુંબઈમાં હતી. અદાકારક અહીંયા પરિવાર પતિ જોનાસ અને દીકરી માલતી મેરી ચોપરા સાથે જોવા મળી હતી. આ દરમિયાન પ્રિયંકા બહુ ઓછી મીડિયા સામે આવી છે. અદાકાર પ્રિયંકા ચોપરા ઘણાં લાંબા સમય પછી ઈન્ડિયા આવી હતી. આ દરમિયાન એક્ટ્રેસ ટ્રેડિશનલ લુકમાં જોવા મળી. જો કે એક્ટ્રેસ કેમ આવી હતી એ વાતનો ખુલાસો થઈ ગયો છે. પ્રિયંકા ચોપરા આ સમયે ભાઈ સિદ્ધાર્થ ચોપરાની સગાઈમાં આવી હતી. આ તસવીરો સામે આવી ચુકી છે. અદાકારા પ્રિયંકા ચોપરાના ભાઈ સિદ્ધાર્થની સગાઈ થઈ ગઈ છે. ભાઈ અને એની ગર્લળેન્ડ નીલમ ઉપાધ્યાયે આ વાતની જાણકારી સોશિયલ મિડીયામાં પોસ્ટ શેર કરી છે. આ તસવીરમાં પ્રિયંકા મસ્ત લાગી રહી છે. પ્રિયંકાએ રેડ કલરની સાડી પહેરી છે. આ સાડીમાં એક્ટ્રેસ ફુલ લુકમાં જોવા મળી છે. સગાઈ સેરેમનીની આ ઝલક ફેન્સને ફાઈનલી દેખાડી દીધી છે. પ્રિયંકા ચોપરાની થનારી ભાભી નીલમ ઉપાધ્યાયે પોતાની સગાઈ સમારોહની તસવીરો શેર કરી છે. પ્રિયંકા ચોપરાની ભાભી સાઉથ એક્ટ્રેસ છે પ્રિયંકા ચોપરાની થનારી ભાભી નીલમ ઉપાધ્યાયે આ તસવીરો શેર કરી છે. આ તસવીરો ઈન્સ્ટાગ્રામમાં શેર કરી છે. આ તસવીરો સોશિયલ મિડીયામાં છવાઈ ગઈ છે.ફિલ્મ સ્ટાર પ્રિયંકા ચોપરા માટે ભાઈ સિદ્ધાર્થ ચોપરા અને ગર્લળેન્ડ નીલમ ઉપાધ્યાયની સગાઈ બહુ ખાસ રહી હતી. આ ઝલક તમે અહીં જોઈ શકો છો.સિદ્ધાર્થ મલ્હોત્રા અને નીલમ ઉપાધ્યાયે પરિવારજનોંની હાજરીમાં સગાઈ કરી છે. આ તસવીરો સુપર ક્યૂટ છેસગાઈ સેરેમનીમાં એક્ટ્રેસ નીલમ ઉપાધ્યાય દીકરી માલતી મેરી સાથે મસ્તી કરતી જોવા મળી. આ તસવીરે ફેન્સનું દિલ જીતી લીધુ છે.



# તાપસી પન્નુના લગ્નથી લઈને સંગીત સેરેમની સુધીના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ



તાપસી પન્નુ હોળી પહેલા ૨૩ માર્ચે તેના બોયફ્રેન્ડ મેથિયાસ બો સાથે લગ્ન કર્યા હતા. અત્યાર સુધી આ લગ્ન વિશે માત્ર ચર્ચા જ થતી હતી, પરંતુ બુધવારે લગ્નથી લઈને સંગીત સેરેમની સુધીના વીડિયો સામે આવ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તાપસી અને મથિયાસના લગ્ન ઉદયપુરમાં પરિવાર અને ખૂબ જ નજીકના મિત્રો વચ્ચે થયા હતા. જોકે, તાપસીએ હજુ સુધી લગ્નને લઈને કોઈ જાહેરાત કરી નથી. એક ઈન્ટરવ્યુમાં અભિનેત્રી કહી રહી છે કે તેના જીવનના આ તબક્કે તે હવે કામ સિવાય તેની જિંદગીનો આનંદ માણી રહી છે. આ વીડિયોમાં અભિનેત્રી બહેન શગુન અને પતિ સાથે ડાન્સ કરતી જોવા મળી રહી છે. ફેન પેજ દ્વારા શેર કરવામાં આવેલા આ વીડિયોમાં જોઈ શકાય છે. આ સિવાય વધુ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં અભિનેત્રી તેની બહેન શગુન પન્નુ સાથે ડાન્સ કરી રહી છે. બંન્ને દિલ તો પાગલ હૈ પર ડાન્સ કર્યો હતો. એવા અહેવાલો છે કે, ૨૩ માર્ચના રોજ અભિનેત્રીએ લગ્ન કર્યા છે. તાપસી થપ્પડના સહ-કલાકાર પાવેલ ગુલાટી અને તેના ખાસ મિત્રો અભિલાષ થપલિયા અને સ્ક્રિનપ્લે રાઈટર કનિકા ઢિલ્લન લગ્નમાં હાજર રહ્યા હતા. માથિયાસ બોએ બેડમિન્ટન ખેલાડી સાત્વિક સાંઈ, ચિરાગ શેટ્ટી સહિતના કેટલાક બેડમિન્ટન ખેલાડીને પણ લગ્ન માટેનું આમંત્રણ આપ્યું હતુ.બીજા વિડિયોમાં તાપસી પન્નુ મથિયાસ સાથે રોમેન્ટિક ડાન્સ કરતી જોવા મળે છે. બંને સાલસા કરતા જોવા મળે છે.

# ફિલ્મ 'પુષ્પા થ રૂલ'ના ટીઝરની તારીખ જાહેર કરાઈ



૨૦૨૪નું વર્ષ સિક્વલ ફિલ્મો માટે ધમાકેદાર રહેવાનું છે. આ ફિલ્મ એક સાથે અનેક થિયેટરોમાં ધમાલ મચાવશે. અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ધ રૂલ (પુષ્પા ૨) પણ આ યાદીમાં સામેલ છે. આ ફિલ્મની ચાહકો બે વર્ષથી રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું છે.

ગત વર્ષે અલ્લુ અર્જુન સ્ટારર પુષ્પા ૨ને લઈને એક ટીઝર વીડિયો રિલીઝ કરવામાં આવ્યો હતો. દરમિયાન, થોડા દિવસો પહેલા ફિલ્મની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન, મેકર્સ અલ્લુ અર્જુનના ચાહકોને વધુ એક સરપ્રાઈઝ આપવા જઈ રહ્યા છે. સાઉથનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન થોડા દિવસો પછી પોતાનો ૪૨મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યો છે. આ અવસરને વધુ ખાસ બનાવવા માટે પુષ્પા ૨ ની ટીમ ફિલ્મનું બીજું ટીઝર રિલીઝ કરવા જઈ રહી છે. પુષ્પા ૨નું ટીઝર રિલીઝ ૨ એપ્રિલ, મંગળવારે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કરીને નિર્માતાઓએ ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કર્યું છે. પુષ્પા ૨નું ટીઝર અલ્લુ અર્જુનના જન્મદિવસે એટલે કે ૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રિલીઝ કરવામાં આવશે. ફિલ્મની નવી પોસ્ટ વિશે વાત કરીએ તો, તે એક પગ બતાવે છે જેના પર પાયલ બાંધવામાં આવે છે, જે પુષ્પા રાજનો હોઈ શકે છે. આ પહેલા ફિલ્મમાંથી અલ્લુ અર્જુનના ચહેરા અને હાથનો લુક જાહેર કરવામાં આવ્યો હતો. પુષ્પા ૨ ની રાહ હવે થોડા અઠવાડિયામાં જ પૂરી થવા જઈ રહી છે. અલ્લુ અર્જુન આ વર્ષે સ્વતંત્રતા દિવસના અવસર પર ફરીથી સિનેમાઘરોમાં પરત ફરી રહ્યો છે. પુષ્પા ૨ ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં રશ્મિકા મંદન્ના ફરી એકવાર અલ્લુ અર્જુન સાથે લીડ રોલમાં જોવા મળશે. જ્યારે, ફહદ ફાસિલ વિલનની ભૂમિકામાં તબાહી મચાવતો જોવા મળશે.

# ડેટ્સ ખાલી હોય તેવા સમયે સલમાન ખાન અને કરણ જોહર 'ધ બુલ' ફિલ્મમાં જોડાશે



સલમાન ખાન અને કરણ જોહર વચ્ચે ઓફ સ્ક્રિન મિત્રતા જોવા મળે છે, પરંતુ ઓન સ્ક્રિન જોડી જમાવવાના તેમના પ્રયાસ ખાસ રંગ લાવતા નથી. કરણ જોહરે ડાયરેક્ટર તરીકે બનાવેલી પહેલી ફિલ્મ કુછ કુછ હોતા હૈમાં સલમાન ખાનનો સ્પેશિયલ રોલ હતો. તે પછી બંનેએ અનેક વખત સાથે ફિલ્મ કરવા તજવીજ હાથ ધરી છે. કરણ જોહરના પ્રોડક્શનમાં સલમાનના લીડ રોલમાં 'ધ બુલ' બનાવવાના પ્રયાસ શરૂ થયા હતા. જો કે આ ફિલ્મ ફલોર પર પહોંચે તે પહેલાં જ ખોરંભે ચડી હોવાના રિપોર્ટ્સ છે. સલમાન પાસે સંખ્યાબંધ ફિલ્મો છે અને તેના કારણે ખાલી સમય મળવાનું અઘરું છે. સલમાને ત્રણ વખત 'ધ બુલ' માટે ડેટ્સ આપી હતી, પરંતુ ત્રણેય વખત પ્રોડક્શનમાં મોડું થયું. હવે સલમાને જૂના કમિટમેન્ટ્સ પ્રમાણે સાજિદ નડિયાદવાલા પ્રોડક્શનની ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું છે. બીજી તરફ, કરણે અનેક વખત 'ધ બુલ'ના શૂટિંગની તારીખો બદલી હતી અને નિશ્ચિત તારીખ ફાઈનલ નહીં થતા સલમાને અન્ય પ્રોજેક્ટ પર ધ્યાન વધાર્યું છે. સોર્સીસના જણાવ્યા મુજબ, સલમાન ખાને 'ધ બુલ'થી છેડો ફાડી લીધો હોવાની વાત ખોટી છે. ડેટ્સ ખાલી હોય તેવા સમયે સલમાન ફરી આ ફિલ્મમાં જોડાશે. કરણ જોહરે એક વખત સલમાનને પૂછી શૂટિંગની તારીખ નક્કી કરવાની છે. કરણે પાછલા વર્ષે સલમાનના બર્થ ડે પર નોટ લકી હતી. કરણે 'કુછ કુછ હોતા હૈ'ને યાદ કરી હતી. અન્ય કોઈ એક્ટર આ રોલ કરવા તૈયાર ન હતા ત્યારે સલમાને મદદ કરી હતી. ૨૫ વર્ષ બાદ અમે એક સ્ટોરી કહેવા ભેગા થઈ રહ્યા છીએ. કરણ અને સલમાનની આ ફિલ્મ 'ધ બુલ' હોવાનું કહેવાય છે, જેમાં સલમાને આર્મી ઓફિસરનો રોલ કરવાનો છે.

**આલિયા ભટ્ટના ફેન્સની આતૂરતાનો અંત**

# સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર'માં રણબીરની સાથે જોવા મળશે

**'લવ એન્ડ વોર' એક એવી ફિલ્મ બનવા જઈ રહી છે જેની વાર્તા પ્રેમ, વફાદારી અને બલિદાનની થીમ પર આધારિત હશે**



ફિલ્મ શૈતાનથી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવનાર અજય દેવગન હવે મૈદાન લઈને આવી રહ્યા છે. ફેન્સ આ ફિલ્મને લઈને સુપર એક્સાઈટેડ છે. આ ફિલ્મમાં અજય દેવગનની દમદાર એક્ટિંગ જોવા મળશે. મેદાન ફિલ્મને રિલીઝને ૮ દિવસ બાખી છે ત્યાં એક્ટરે ફિલ્મનું ફાઈનલ ટ્રેલર રિલીઝ કરી દીધુ છે. આ ટ્રેલરમાં અજય દેવગનની એક્ટિંગ અને ડાયલોગ સાંભળીને તમારા રૂંવાડા ઉભા થઈ જશે. આ મુવી બહુ દમદાર હશે એવું લાગી રહ્યું છે. તો તમે પણ જલદી જોઈ લો મેદાન મુવીનું ફાઈનલ ટ્રેલર.




આ ટ્રેલર જોઈને તમને પણ મુવી જોવા જવાની ઈચ્છા થઈ જશે.મેદાનના આ બીજા ટ્રેલરમાં કેટલાક સીન અને ડાયલોગ્સ પહેલાં ટ્રેલરના છે પરંતુ કેટલાક જોરદાર સીન અને નવા ડાયલોગથી આ નવા ટ્રેલરને દમદાર બનાવવામાં આવ્યુ છે. આ ટ્રેલરમાં અજય દેવગન ખૂબ સંઘર્ષ કરતો જોવા મળી રહ્યો છે. આમાં બતાવવામાં આવ્યુ છે કે કેવી રીતે અજય દેવગન એની દમદાર ટીમનું સિલેક્શન કરે છે અને પછી એને તૈયાર કરવા માટે કેટલી મહેનત કરે છે. જો કે આ બધાની વચ્ચે અજયને અનેક મુશ્કેલીઓ પડે છે જેમાં એની મહેનત તમને દેખાઈ આવે છે. આ દરેક મુશ્કેલીઓનો સામનો અજય દેવગન સરળતાથી કરી શકે છે. ટ્રેલરમાં અજય દેવગનના ડાયલોગ પણ બહુ જોરદાર છે. ટ્રેલરમાં સ્ટેડિયમમાં એન્ટ્રીનો સીન તેમજ અધિકારીઓની સાથે મીટિંગનો સીન પણ જોવા જેવો બની રહે છે. આમ, અજય દેવગન દરેક જગ્યાએ છવાઈ ગયો છે. મેદાનનું આ ટ્રેલર લોકોને ખૂબ પસંદ પડી રહ્યું છે. રિલીઝ થતાની સાથે ફેન્સનો બહુ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે મેદાન ફિલ્મ ૧૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. આ ફાઈનલ ટ્રેલર ૨ મિનિટનું છે. અજય દેવગન સ્ટારર આ ફિલ્મ ફૂટબોલ કોચ સૈયદ અબ્દુલ રહીમ પર આધારિત છે.

**એક્ટ્રેસ પ્રેમમાં ક્રિશ્ચિયનમાંથી હિંદુ બની હતી**

# ડાન્સની દુનિયાના કિંગ પ્રભુ દેવા અને નયનતારાની અધૂરી પ્રેમ કહાની

બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સને પોતાના ઈશારે ડાન્સ કરાવનાર પ્રભુ દેવા પોતાનો જન્મદિવસ સેલિબ્રેટ કરી રહ્યો છે. પ્રભુ દેવાએ બોલિવૂડના ભાઈજાને પણ તેમના કહેવા પર ડાન્સ કર્યો છે. કોરિયોગ્રાફરે સલમાન ખાન સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ત્યારથી બધા પ્રભુ દેવાના ડાન્સના દિવાના બની ગયા. પ્રભુ દેવાએ ભારતમાં ડાન્સનું ભાગ્ય બદલી નાખ્યું છે. પ્રભુ દેવાને તેના ફેન ભારતીય 'માઈકલ જેક્સન' તરીકે પણ ઓળખે છે. પ્રભુ દેવાએ પોતાના કરિયરની શરૂઆત બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કરી હતી.



પ્રભુ દેવા ડાન્સર ઉપરાંત ડિરેક્ટર, પ્રોડ્યુસર અને એક્ટર પણ છે. પ્રભુ દેવાએ 'વોન્ટેડ', 'રમૈયા વસ્તા વૈયા', 'આર રાજકુમાર', 'રાઉડી રાઠોર', 'સિંઘ ઈઝ બ્લિંગ' અને 'એક્શન જેક્સન' જેવી સુપરહિટ ફિલ્મોનું નિર્દેશન કર્યુ છે. પ્રભુ દેવાએ ૧૦૦થી વધુ ફિલ્મોમાં કોરિયોગ્રાફી કરી છે. ૧૯૯૯માં પ્રભુએ માઈકલ જેક્સનના ગ્રુપ સાથે જર્મનીમાં પરફોર્મ કર્યુ હતું. એક સમય એવો હતો કે જ્યારે નયનતારા અને પ્રભુ દેવાના અફેરની ચર્ચા સમાચારોમાં હેડલાઈન્સ બનતી હતી, પરંતુ પછીથી બંને અલગ થઈ ગયા.

**જૂહી ચાવલાએ હાલમાં એક ઇન્ટરવ્યુમાં ખુલાસો કર્યો**

# કેમ જૂહી ચાવલા શાહરૂખ ખાન સાથે કદી આઈપીએલ મેચ જોતી નથી?

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને જૂહી ચાવલા બોલિવૂડ અભિનેત્રી સિવાય આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સની સહ માલિક પણ છે. હાલમાં દેશભરમાં આઈપીએલની ગુંજ છે. ત્યારે જૂહી ચાવલાએ હાલમાં એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે, તેણે શાહરૂખ ખાન આઈપીએલ મેચ જોવી પસંદ નથી.



એક્ટ્રેસે તેનું ઘણું મજેદાર કારણ જણાવ્યું છે. જૂહી ચાવલાએ ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે, શાહરૂખ ખાન સાથે મેચ જોવું સારું નથી. કારણ કે જ્યારે અમારી ટીમ સારું પ્રદર્શન કરી રહી નથી હોતી ત્યારે તે તેનો ગુસ્સો મારા ઉતારે છે. જૂહીએ વધુમાં કહ્યું હતું કે, 'મેં શાહરૂખ ખાનને કહ્યું કે તે તેની વાત ટીમને જણાવે. તદઉપરાંત જૂહી ચાવલાએ જણાવ્યું કે, અમે IPL મેચ જોવા માટે સારા નથી, મને લાગે છે કે આ વાત આઈપીએલ ટીમના અનેક માલિકોને પણ લાગૂ પડે છે અને તેઓ તેની ટીમના પ્રદર્શન સમયે પરસેવામાં ઓતપ્રોત નજર આવે છે'. જૂહી ચાવલાએ આપેલા ઈન્ટરવ્યુમાં ખૂલાસો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, જૂહી ચાવલા અને શાહરૂખ ખાન ફેમિલી ફ્રેન્ડ છે.

**'ક્યોંકિ પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત...'**

# જેનિફર મિસ્ત્રીએ આસિત મોદીને ફરી આપી ધમકી

**તાજેતરમાં જ જેનિફર મિસ્ત્રી બંસીવાલે અસિત કુમાર મોદીની ટીકા કરતો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે**



થોડા દિવસો પહેલા 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ જેનિફર મિસ્ત્રી બંસીવાલ અને શોના નિર્માતા અસિત મોદી વચ્ચેનો કાનૂની કેસ આગળ વધતો જોવા મળ્યો હતો. નિર્ણય આવ્યા પછી અભિનેત્રી તેનાથી ખુશ ન હતી અને કહ્યું કે તે ફરીથી પવઈ પોલીસ સ્ટેશનની મુલાકાત લેશે. હવે જેનિફર મિસ્ત્રીએ સોશિયલ મીડિયા પર જઈને શોના પ્રોડક્શન હાઉસની ટીકા કરી. તેમણે અસિત મોદીને પૂછ્યું કે તેમની સામે દાખલ થયેલા યૌન ઉત્પીડનના કેસમાં તેમની જીત પર સવાલ કેમ ન ઉઠાવ્યો. થોડા દિવસો પહેલા જેનિફર મિસ્ત્રીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો અપલોડ કર્યો હતો અને ન્યાય માટે અસિત કુમાર મોદી વિરુદ્ધ આંદોલન કરવાની ધમકી આપી હતી. હવે જેનિફર મિસ્ત્રીએ ફરી એકવાર એક વીડિયો અપલોડ કર્યો છે અને તેને કેપ્શન આપ્યું છે, 'કંઈ તો કહો...' આ વીડિયોમાં જેનિફર મિસ્ત્રી કહે છે કે, ''જ્યારે શૈલેષ લોઢા જી કેસ જીત્યા ત્યારે અસિતજીએ કહ્યું હતું કે તેઓ ખોટી રીતે સમાચાર ફેલાવી રહ્યા છે, એવું કંઈ નથી.'' આસિત જી મારા કેસ જીતવા વિશે કેમ કંઈ નથી કહી રહ્યાં, અથવા પ્રોડક્શન હાઉસ કેમ કંઈ નથી કહી રહ્યાં. કૃપા કરીને મને કહો, મારે જાણવું છે.'' તેણીએ આગળ કહ્યું, ''તમારા પ્રોડક્શન હાઉસ, તમારી ડાયરેક્શન ટીમે પણ કહ્યું છે કે હું ખૂબ જ અનુશાસનહીન, અવ્યવસ્થિત, અપમાનજનક હતી. પરંતુ જ્યારે આ બધું થયું ત્યારે ભગવાને મારી પાસે માલવ, પ્રિયા, મોનિકા જેવા દેવદૂતો મોકલ્યા.આપને જણાવી દઈએ કે માલવ રાજદા 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના પૂર્વ નિર્દેશક હતા, જ્યારે તેમની પત્ની પ્રિયા આહુજાએ શોમાં રીટા રિપોર્ટરનો રોલ કર્યો હતો. ની ભૂમિકા ભજવી હતી. જ્યારે મોનિકા ભદૌરિયાએ બવાનરીનો રોલ કર્યો હતો. જેનિફર મિસ્ત્રીએ આગળ કહ્યું, ''તો જો તમે બોલો તો યાદ રાખો. મારી સાથે મારા એન્જલ્સ છે.



# ટ્રસ્ટ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા એમના પ્રથમ ઈક્વિટી ફંડ ટ્રસ્ટ એમ એફ ફ્લેક્સી કેપ ફંડની રજૂઆત



। મુંબઈ, તા.૫ ।

ટ્રસ્ટ મ્યુચ્યુઅલ ફંડ **TRUSTMF** ફ્લેક્સી કેપ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરીને ખુશ છે. આ ફંડનો ઉદ્દેશ્ય સમગ્ર માર્કેટ કેપિટલાઈઝેશન સ્પેક્ટ્રમમાં ઈક્વિટી અને ઈક્વિટી-સંબંધિત સિક્યોરિટીઝના વૈવિધ્યસભર પોર્ટફોલિયોમાં મુખ્યત્વે રોકાણોનું સક્રિયપણે સંચાલન કરીને રોકાણકારોને મૂડી અને આવકમાં લાંબા ગાળાની વૃદ્ધિ પ્રદાન કરવાનો છે. આ ઓપન-એન્ડેડ ડાયનેમિક ઈક્વિટી સ્કીમ રોકાણકારોને લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરવાની તક આપે છે. આ ફંડનું સંચાલન ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર મિહિર વોરા અને ફંડ મેનેજર આકાશ મંગાણી દ્વારા કરવામાં આવશે.

ટ્રસ્ટ મ્યુચ્યુઅલ ફંડના **CEO** સંદીપ બાગલાએ તેમનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો કે, "**TRUSTMF** ફ્લેક્સી કેપ ફંડનું લોન્ચિંગ રિટેલ રોકાણકારોની દુનિયામાં અમારા પ્રવેશને ચિહ્નિત કરે છે. અમે ગ્રાહકોને રોકાણના વિકલ્પોનો કલગી પ્રદાન કરવાનો પ્રયાસ કરીએ છીએ જે તેમના સંપત્તિ સર્જનના લક્ષ્યો અને ઉદ્દેશ્યોને હાંસલ કરવામાં મદદ કરશે"

ટ્રસ્ટ મ્યુચ્યુઅલ ફંડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર મિહિર વોરાએ કહ્યું- "ટ્રસ્ટ મ્યુચ્યુઅલ ફંડમાં અમે વિવિધ ગ્રાહકોની અનન્ય જરૂરિયાતોને પૂરી કરવાના મહત્વને સમજીએ છીએ. અમે ગ્રોથ ઈન્વેસ્ટર્સ છીએ અને અમે માનીએ છીએ કે અમારું ટર્મિનલ વેલ્યુ ઈન્વેસ્ટિંગ ફ્રેમવર્ક અને ગ્રોથ એટ રિઝનેબલ વેલ્યુએશન **(GARV)*** અભિગમ ઈક્વિટી ફંડ રોકાણકારો માટે એક અલગ વિકલ્પ પ્રદાન કરે છે. **TRUSTMF** ફ્લેક્સી કેપ ફંડ આ ફિલસૂફીનો સમાવેશ કરે છે, અને આદેશ ફંડને ટકાઉ રોકાણ સફળતા માટે બજારની વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂલન અને નેવિગેટ કરવા સક્ષમ બનાવે છે."

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગનું JNV પરીક્ષા પાસ કરીને ગૌરવ વધારવા બદલ ભવ્ય કટારાને અભિનંદન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

સંજેલી તાલુકામાં જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ વર્ગ છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત છે. જેમાં નવોદય - એકલવ્ય પ્રવેશ પરીક્ષાની કરાવવામા આવે છે. સાથે સાથે અનાથ, અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા ના માર્ગદર્શનથી તાલીમ વર્ગમાં નવોદય પરીક્ષાની તાલીમ મેળવીને કટારા ભવ્ય મયંકકુમાર જેઓએ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવતાં માતા પિતા, સમાજનું, શાળાનું ગૌરવ વધાર્યું છે ત્યારે ન્યુ પાર્થ એજ્યુકેશન ગૃપ સંગાડા અશ્વિનભાઈ મોરાથી અને રાજુભાઈ મકવાણા સુખસરથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ભવ્ય દ્વારા રૂબરૂ મુલાકાત લઈને પેંડા આપીને પોતાની ખુશી વ્યકત કરી હતી અને તાલીમ વર્ગના સંચાલક દ્વારા "કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી" એ વિશે સમજ આપી હતી અને શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરો એવા આશીર્વચન પાઠવ્યા હતા.

# દાહોદના સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ ખાતે મતદાન જાગૃતિ માટે રંગોળી કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

## મતદાન જાગૃતિ માટે અનેકવિધ સૂત્રો આપતી ૧૫થી વધુ વિશાળ રંગોળીઓ દોરવામાં આવી





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત દાહોદ જિલ્લામાં આગામી ૭ મે ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં દાહોદ જિલ્લાના વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સ્વીપની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં સ્વીપ નોડલ અધિકારી દ્વારા સમગ્ર દાહોદ જિલ્લામા વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેના માધ્યમથી દાહોદ જિલ્લાના મતદારોને મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

દાહોદ જિલ્લાના હાર્દ સમા સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ ખાતે આઈ સી ડી એસ વિભાગ દ્વારા મતદાન જાગૃતિ માટે રંગોળી કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આ કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લા તેમજ ઘટકની આંગણવાડી કાર્યકર્તા બહેનો, તેડાગર બહેનો, સેવિકા બહેનો તેમજ જાગૃત વાલીઓએ મોટી સંખ્યામાં એકીસાથે મળીને છાબ તળાવ ખાતે મતદાન માટેના અનેક પ્રકારના પ્રેરક સંદેશા આપતી ૧૫ થી વધુ વિવિધ અને વિશાળ રંગોળીઓ પુરવામાં આવી હતી.

લોકશાહીમાં કેટલી તાકાત રહેલી છે એ જાણે આ રંગોળીઓ આપણને સમજાવતી હોય એમ દરેક રંગોળી પોતાના સપ્તરંગી રંગો તેમજ સૂત્રો થકી જાણે આવનાર દરેક નાગરિકને પોતાના તરફ આકર્ષિત કરી મતદાન કરવા માટે પ્રેરિત કરતી હતી. આ દરેકેદરેક વિશાળ રંગોળીઓ ચૂંટણી માટેનો જાણે જીવંત સંદેશો આપતી હતી. આપણો મત - આપણી તાકાત, મત આપણો અધિકાર, એક મત ભારત માટે જેવાં વિવિધ સૂત્રો રંગોળીમાં આલેખવામાં આવ્યાં હતાં. છાબ તળાવની મુલાકાતે આવનાર લોકોમા મતદાન અંગેની જાગૃતિ આવે તેમજ તેઓ મતદાન કરવા પ્રેરિત થાય તે હેતુથી રંગોળી થકી સંદેશો આપવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો.

રંગોળીના માધ્યમથી આઈ સી ડી એસ પરિવાર દ્વારા છાબ તળાવ ખાતે ફરવા માટે આવતાં લોકો માટે આવનાર મતદાન કરવા માટે પ્રેરીત થાય તેમજ તેઓમા ઉત્સાહ વધે એ હેતુથી આ કાર્યક્રમ કરવામા આવ્યો હતો એમ જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ઈરા ચૌહાણે જણાવ્યુ હતુ.


# ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદીમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ, રેણુકા જગતિયાની એન્ટ્રી



। વોશિંગ્ટન, તા.૫ ।

ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદી જાહેર કરી છે અને તેમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક નામ એવું છે જે આજ સુધી ક્યારેય સાંભળવામાં નથી આવ્યું. જે છે રેણુકા જગતિયાની જેમણે અબજોપતિઓની યાદીમાં નવી એન્ટ્રી કરી છે. રેણુકા જગતિયાની દેશના અમીરોની યાદીમાં ૪૪મા ક્રમે છે અને તેમની કુલ સંપત્તિ લગભગ ૫ બિલિયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. આજે રેણુકા અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે એક સમય હતો જ્યારે તેના પતિ લંડનના રસ્તા પર કેબ ચલાવી પોતાનું ગુજરાન કરતા હતા આજે અબજોપતિઓની યાદીમાં તેમની એન્ટ્રી થઈ છે ત્યારે ચાલો જાણીએ કેવી રીતે તે આટલા આમીર થયા. રેણુકા જગતિયાની ફોર્બની ટોપ ૧૦૦ ભારતીય ધનિકોની યાદીમાં ૪૪મા સ્થાને છે. રેણુકા જગતિયાની લેન્ડમાર્ક ગ્રુપના **CEO** છે અને તેમની સંપત્તિ **$4.8** બિલિયન અથવા લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. લેન્ડમાર્ક ગ્રુપનો બિઝનેસ ઘણા દેશોમાં ફેલાયેલો છે.

# IRCTC "માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ" 3AC ટ્રેન દ્વારા યાત્રા ચલાવી રહી છે



। અમદાવાદ, તા.૫ ।

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ **(IRCTC)** દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત અને ઉત્તરાખંડ ટુરીઝમ ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી દેવભૂમિ ઉત્તરાખંડ રાજ્યના અગ્રણી તીર્થસ્થાનો અને હેરિટેજ સ્થળોને આવરી લેતી "માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન" નું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૦૯.૦૫.૨૪ ના રોજ રાજકોટ શહેરથી ઉત્તરાખંડ યાત્રા માટે રવાના થશે.

"માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ" **3AC** પ્રવાસી ટ્રેન રહેશે. આ યાત્રા ૦૯ મે ૨૦૨૪ થી ૧૯ મે ૨૦૨૪ (૧૦ રાત્રિ / ૧૧ દિવસ) સુધીની રહેશે. આ યાત્રા દરમિયાન **IRCTC** ટનકપુર, પૂર્ણાગિરી, શારદા નદીનો ઘાટ, હાટ કાલિકા, પાતાળ ભુવનેશ્વર, ચંપાવત, લોહાઘાટ, ચૌકોરી, અલ્મોરા, નૈનિતાલ અને ભીમતાલની સૈર કરાવશે, **IRCTC** મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રવાસ માટે બે શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ- માટે રૂ. ૨૮,૦૨૦/-, ડીલક્સ ક્લાસ - માટે રૂ. ૩૫,૩૪૦/- ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં **IRCTC** દ્વારા **LTC** સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૦૯ મે ૨૦૨૪ ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, રતલામ અને કોટા થી બેસી શકશે.

**IRCTC** દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પૅકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફ બોર્ડ નાસ્તો અને રાત્રિભોજન હોટેલ અથવા હોમસ્ટેમાં જ્યાં પેસેન્જર રોકાયા હોય અને બપોરનું ભોજન યોગ્ય જગ્યાએ રસ્તામાં જ હશે. ઘાટ રોડ સિવાય સ્ટાન્ડર્ડ પેકેજમાં નોન એસી ટ્રાન્સપોર્ટ અને ડીલક્સ પેકેજમાં એસી ટ્રાન્સપોર્ટ દ્વારા તમામ ટ્રાન્સફર અને જોવાલાયક સ્થળો માટે રહેશે. પ્રવાસની માહિતી માટે ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે, **IRCTC** ટુર મેનેજર જરૂરી સહાયતા માટે સમગ્ર પ્રવાસ દરમિયાન રહેશે. ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. આ પ્રવાસમાં મુસાફરો માટે મુસાફરી વીમો સામેલ છે.

આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ **IRCTC** વેબસાઈટ **(irctc-tourism.com)** પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ. આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબર:- ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૯૩૨૧૯૦૧૮૫૨, ૭૦૨૧૦૯૦૬૪૪, ૭૦૨૧૦૯૦૬૧૨, ૭૦૨૧૦૯૦૬૨૬, ૭૦૨૧૦૯૦૫૭૨, ૭૦૨૧૦૯૦૮૩૭, ૭૦૨૧૦૯૦૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

# IRCTC ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણો દેવી) યાત્રા ચલાવી રહી છે....



। વોશિંગ્ટન, તા.૫ ।

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ **(IRCTC)** દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણો દેવી) યાત્રા ટ્રેન નું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૨૫.૦૫.૨૪ ના રોજ રાજકોટ શહેરથી ઉત્તર દર્શન યાત્રા માટે રવાના થશે.

આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ ૨૫ મે ૨૦૨૪ થી ૦૨ જૂન ૨૦૨૪ (૦૮ રાત્રિ / ૦૯ દિવસ) સુધીની રહેશે. આ યાત્રા દરમિયાન **IRCTC** મથુરા - શ્રી કૃષ્ણ જન્મ ભૂમિ, હરિદ્વાર મા સાંજે ગંગા આરતી, ઋષિકેશ, અમૃતસર - સુવર્ણ મંદિર અને વાઘા બોર્ડર અને શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર જેવા ધાર્મિક સ્થળોએ લઈ જશે. **IRCTC** તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ અંતર્ગત, આ પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ (સ્લીપર) માટે રૂ. ૧૮,૩૦૦/-, કમ્ફર્ટ ક્લાસ -**3AC** માટે રૂ. ૨૯,૯૦૦/- અને સુપિરિયર ક્લાસ- **2AC** માટે રૂ. ૪૨,૪૦૦/-, -ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં **IRCTC** દ્વારા **LTC** સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૨૫ મે ૨૦૨૪ ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, રતલામ અને કોટા થી બેસી શકશે.

**IRCTC** દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પૅકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફ બોર્ડ શુદ્ધ શાકાહારી ભોજન આપવામાં આવશે. પ્રવાસની માહિતી આપવા માટે આ ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે.ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. **IRCTC** દ્વારા આ પ્રવાસમાં મુસાફરોનો વીમો પણ સામેલ છે.

આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ **IRCTC** વેબસાઈટ **(irctc-tourism.com)** પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ.આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબર:- ૯૩૨૧૯ ૦૧૮૪૯, ૯૩૨૧૯ ૦૧૮૫૧, ૯૩૨૧૯ ૦૧૮૫૨, ૭૦૨૧૦ ૯૦૬૪૪, ૭૦૨૧૦ ૯૦૬૧૨, ૭૦૨૧૦ ૯૦૬૨૬, ૭૦૨૧૦ ૯૦૫૭૨,૭૦૨૧૦૯૦૮૩૭, ૭૦૨૧૦ ૯૦૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો- લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઘરનું દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. આજે તમે તમારા મગજને કસોટીની એરણ પર મુકશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. આજે કોઈની છેડતી કરશો નહીં.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે. તમારા સાથી ને ફક્ત તમારી પાસે થી થોડો સમય જોઈએ છે પરંતુ તમે તેમને સમય આપવા માટે અસમર્થ છો.

## ન્યૂઝ બ્રિફ

### ૮ એપ્રિલે સૂર્યગ્રહણ, અમેરિકામાં કરવામાં આવી રહી છે ખાસ વ્યવસ્થા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

વર્ષ ૨૦૨૪ સૂર્યગ્રહણ માટે ખાસ વર્ષ બની રહેશે. સૂર્યગ્રહણ દરમિયાન, ભારતમાં હિન્દુ સમુદાયના લોકો પૂજા કરે છે અને તેમના ઘરની બહાર નીકળવાનું ટાળે છે. વિશ્વના વિવિધ ધર્મો અને દેશોમાં સૂર્યગ્રહણને લઈને અલગ-અલગ માન્યતાઓ અને ક્રેઝ છે. આ વર્ષે સૂર્યગ્રહણ અમેરિકા, કેનેડા અને મેક્સિકો માટે ખાસ રહેવાનું છે, કારણ કે આ દેશોમાં સૌથી લાંબા સમય સુધી સૂર્યગ્રહણ જોવા મળશે. જેના માટે અહીંના લોકોએ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ઘણી શાળાઓ અને ઓફિસો બંધ કરી દેવામાં આવી છે અને લોકોએ રજાઓ ઉજવવાનું આયોજન શરૂ કરી દીધું છે. આ વર્ષે સંપૂર્ણ ગ્રહણ પાછલા વર્ષોની સરખામણીએ વધુ લાંબું ચાલશે, અગાઉ આવું ગ્રહણ વર્ષ ૧૯૭૨માં થયું હતું. યુએસ, મેક્સિકો અને કેનેડાના લોકો સોમવાર, ૮ એપ્રિલના રોજ થોડી મિનિટો માટે સંપૂર્ણ સૂર્યગ્રહણનો અનુભવ કરશે. સૂર્યગ્રહણને જોવા માટે અમેરિકામાં ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે. સૂર્યગ્રહણને જોવા માટે કેટલીક શાળાઓ અને ઓફિસો બંધ કરી દેવામાં આવી છે, ઘણા શહેરોમાં ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### જે રાજ્યમાં ૨૫ બેઠકો જીતી ત્યાં હવે ૫૦ ટકા ગુમાવી શકે : સર્વે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી નજીક આવી રહી છે તેમ રાજકીય પક્ષો ચૂંટણી માટે કમર કસી રહ્યા છે. ભાજપ જીતની હેટ્રિક લગાવવા પૂરજોશમાં તૈયારી કરી રહી છે તો બીજી તરફ કોંગ્રેસ ફરી સત્તામાં આવવા માટે સખત પ્રયત્ન કરી રહી છે. આ ઉપરાંત અન્ય રાજકીય પક્ષો પણ મેદાનમાં છે ત્યારે આ વખતે ભારતીય જનતા પાર્ટી (BJP)ની આગેવાની હેઠળના NDAએ આ વખતે ૪૦૦ બેઠકોનો લક્ષ્યાંક રાખ્યો છે, પરંતુ તેને દક્ષિણ રાજ્યથી મોટો ૫ ડકાર મળી શકે છે. કર્ણાટકમાં ભાજપને મોટો ઝટકો લાગી શકે છે. એક સરવેમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. જે મુજબ કર્ણાટકમાં ભાજપ ૧૦-૧૨ સીટો સુધી સીમિત રહી શકે છે. એક સરવે અનુસાર કર્ણાટકમાં ભાજપને ૧૦-૧૨, કોંગ્રેસને ૧૨-૧૪ અને જેડીએસને એક કે બે બેઠકો મળી શકે છે. ઉલ્લેખનીય છે કે ગત લોકસભા ચૂંટણીમાં કર્ણાટકમાં ભાજપે જંગી જીત નોંધાવી હતી. ભાજપે ૨૮માંથી ૨૫ બેઠકો કબજે કરી હતી જ્યારે કોંગ્રેસે એક બેઠક અને અન્યને બે બેઠકો મળી હતી. જો આ સરવે સાચો હશે તો તે ભાજપ માટે મોટો ઝટકો સાબિત થશે કારણ કે દક્ષિણમાં કર્ણાટક એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ભાજપે મોટી જીત નોંધાવી હતી. તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરળ, પુડુચેરી અને લક્ષદ્વીપમાં ભાજપનું ખાતું પણ ખૂલ્યું નથી. તેલંગાણામાં ભાજપે ચાર બેઠકો જીતી હતી. હવે ૪૦૦થી વધુ બેઠકો જીતવાના લક્ષ્યમાં એનડીએ દક્ષિણના કિલ્લાને તોડવામાં કેટલી સફળ થાય છે તે જોવાનું રહેશે.

#### હીટવેવના દિવસો પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા

# ઉનાળામાં અવિરત વીજ પુરવઠો ચાલુ રાખવા સરકારની તડામાર તૈયારી

### મેન્ટેનન્સ કે બીજા કારણોથી બંધ રહેલા તમામ પ્લાન્ટ્સ ઝડપથી ચાલુ કરવા તાકીદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

હવામાન વિભાગે લાંબા અને ભીષણ ઉનાળાની આગાહી કરી છે ત્યારે સરકાર ઉનાળાની સીઝનમાં વીજળીની ઊંચી માગને પહોંચી વળવા માટે શક્ય તમામ શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. સરકારે તમામ વીજળી પ્લાન્ટને સંપૂર્ણ ક્ષમતા પર કામ કરવાની તાકીદ કરી છે, એમ ઉર્જા પ્રધાન આર કે સિંહે ગુરુવારે જણાવ્યું હતું. સરકારે મેન્ટેન્સ અથવા અન્ય કારણોસર બંધ રહેલા તમામ પ્લાન્ટોને ઝડપથી ફરી ચાલુ કરવા અને ચોક્કસ વપરાશકર્તાઓને માટેના જનરેટિંગ સ્ટેશનો પર ઉપલબ્ધ વધારાની વીજળીનો ઉપયોગ કરવા જણાવ્યું છે. સરકાર એ પણ સુનિશ્ચિત કરી રહી છે કે થર્મલ પાવર પ્લાન્ટ્સ પાસે જૂન સુધી ચાલે તેટલા કોલસાનો સ્ટોક ઉપલબ્ધ બને. સરકારે તમામ પાવર યુનિટ્સને સરપ્લસ વીજળી



પાવર એક્સચેન્જમાં ઓફર કરવાની પણ સૂચના આપી છે.

પ્રધાને કોઈપણ વિક્ષેપ વિના ઉનાળાની ટોચની માંગને પહોંચી વળવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે અમારી થર્મલ, હાઈડ્રો, રિન્યુએબલ અથવા ગેસ આધારિત પાવર પ્લાન્ટની તમામ ઉત્પાદન ક્ષમતાને એકજૂથ કરી રહ્યાં છીએ. તેથી મને લાગે છે કે અમે માંગને પહોંચી વળીશું. ઊર્જા મંત્રાલયના અંદાજ મુજબ આ ઉનાળામાં (એપ્રિલ-જૂન) વીજળીની ટોચની માગ ૨૬૦ ગીગાવોટ (જીડબલ્યુ) રહેશે, જે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૨૪૩ ગીગાવોટના રેકોર્ડ કરતાં વધુ છે. મંત્રાલયને ગયા વર્ષે 229GW પીક પાવર ડિમાન્ડનો અંદાજ હતો, પરંતુ કમોસમી વરસાદને કારણે સપ્ટેમ્બર ૨૦૨૩માં માંગ 243 GW નોંધાઈ હતી, જે અત્યાર સુધીની સર્વોચ્ચ છે. આ વર્ષે ભારતીય હવામાન વિભાગ એ આગાહી કરી છે કે ભારતમાં એપ્રિલ-જૂન (ઉનાળા) સમયગાળા દરમિયાન ભીષણ ગરમીનો અનુભવ થશે. આ હીટવેવના દિવસો પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગના અનુમાન મુજબ, દેશના વિવિધ ભાગોમાં ૧૦ થી ૨૦ દિવસ સુધી હીટવેવ રહેવાની ધારણા છે. આર કે સિંહે જણાવ્યું હતું કે પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો સ્ટોક સારો છે. હાલમાં આપણી પાસે લગભગ ૪૫ મિલિયન ટન (પાવર પ્લાન્ટ્સમાં) કોલસાનો સ્ટોક છે.

#### ૨,૦૦૦ કિમીની રેન્જના મિસાઇલથી લશ્કરની તાકાતમાં વધારો થશે

# પરમાણુ ક્ષમતાવાળી અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ રાત્રિ પરીક્ષણ

### આ મહિલા પડોશી ગામના એક પુરુષ સાથે છેલ્લાં સાત વર્ષોથી સંબંધોમાં હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતે ઓડિશાના દરિયાકાંઠે અબ્દુલ કલામ ટાપુ પરથી પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ પ્રાઈમ'નું રાત્રે સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું છે, જેનાથી દેશની વ્યૂહાત્મક પ્રતિરોધક ક્ષમતામાં વધારો થયો છે. સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એ સાથે મળીને ૧,૦૦૦ થી ૨,૦૦૦ કિમીનાં અંતરનાં લક્ષ્યાંક પર પ્રહાર કરતી મિસાઈલ પરીક્ષણ કર્યું હતું.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરીક્ષણ બુધવારે સાંજે હાથ ધરાયું હતું અને પરીક્ષણમાં તમામ ઉદ્દેશો હાંસલ થયા હતાં. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સફળ પરીક્ષણ માટે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને સશસ્ત્ર દળોને અભિનંદન આપ્યા




હતા અને જણાવ્યું હતું કે આમીમાં મિસાઈલના સમાવેશથી આમીની ક્ષમતામાં અનેક ગણો વધારો થશે. આ પ્રક્ષેપણ દરમિયાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડના વડા અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપ મેન્ટ ઓર્ગેનાઈઝેશન અને ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતાં. જનરલ ચૌહાણ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપ મેન્ટ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ સમીર વી કામતે સફળ પરીક્ષણ માટે સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપ મેન્ટ ઓર્ગેનાઈઝેશનના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ગયા મહિને ભારતે 'મિશન દિવ્યાસ્ત્ર' હેઠળ મલ્ટિપલ ઈન્ડિપેન્ડલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ સાથે સ્વદેશી રીતે વિકસિત અગ્નિ-૫ મિસાઈલનું પ્રથમ પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું હતું. આની સાથે ભારત આવી ક્ષમતા ધરાવતા દેશોની યાદીમાં સામેલ થયું હતું. મલ્ટિપલ ઈન્ડિપેન્ડલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ ટેકનોલોજી સાથેના મિસાઈલ વિવિધ ટાર્ગેટ પર બહુવિધ પ્રહાર કરી શકે છે. અગ્નિ-ફ મિસાઈલની રેન્જ ૫,૦૦૦ કિમી સુધી છે અને તે ચીનના ઉત્તરીય ભાગ તેમજ યુરોપ ના કેટલાક વિસ્તારો સહિત લગભગ સમગ્ર એશિયાને તેની પ્રહાર શ્રેણી હેઠળ લાવી શકે છે.

# ઇસ્લામિક કટ્ટરપંથીઓ ક્યારેય રશિયાને નિશાન બનાવી શકે નહીં : વ્લાદિમીર પુતિન

। (એજન્સી) રશિયા, તા.૫ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પોતાના જ નિવેદન પર યુ-ટર્ન લીધો છે. ક્રોકસ સિટી હોલ હત્યાકાંડ અંગે પુતિને કહ્યું છે કે દેશની અખંડિતતાને નબળી પાડવા માટે આ હત્યાકાંડ કરવામાં આવ્યો હતો. આ સિવાય આ હુમલા પાછળ અન્ય કોઈ હેતુ હોવાનું જણાતું નથી. પુતિને એમ પણ કહ્યું કે ગમે તે થાય, ઈસ્લામિક કટ્ટરપંથીઓ ક્યારેય રશિયાને નિશાન બનાવી શકે નહીં. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ગુરુવારે રશિયન ટ્રેડ યુનિયન ફેડરેશનની કોન્ફરન્સને સંબોધિત કરી રહ્યા હતા. રશિયાને આંતર-ધાર્મિક સૌહાર્દ અને એકતાનું અનોખું ઉદાહરણ ગણાવતા



પુતિને કહ્યું કે રશિયા માત્ર સ્થાનિક જ નહીં વિદેશમાં પણ ઈસ્લામિક મૂલ્યોને સ્વીકારે છે. આવી સ્થિતિમાં, તે સ્પષ્ટ છે કે રશિયા ઈસ્લામિક કટ્ટરપંથીઓના હુમલાનું નિશાન બની શકે નહીં. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને લગભગ ૧૦ દિવસ પહેલા કહ્યું હતું કે મોસ્કો કોન્સર્ટ હોલમાં લોકોની હત્યા કરનારાઓ કટ્ટરપંથી ઈસ્લામી હતા. જો કે, તેણે એમ પણ કહ્યું હતું કે જો કિવ ઈનકાર કરવાનું ચાલુ રાખશે તો પણ આ હુમલામાં યુક્રેનની સૌથી મોટી ભૂમિકા હોઈ શકે છે. પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી લીધી છે. આ પછી પુતિને સરકારી અધિકારીઓ સાથેની બેઠકમાં સ્વીકાર્યું કે આ હત્યાઓ ઈસ્લામિક કટ્ટરપંથીઓએ કરી હતી. હવે તેણે પોતાના નિવેદનથી યુ-ટર્ન લીધો છે. રશિયન રાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે મોસ્કો પાસે માનવા માટે દરેક કારણ છે કે હુમલાના ગુનેગારોએ દેશની એકતાને નબળી પાડવાનો પ્રયાસ કર્યો હતો.

### પ્રેમીને ઘરમાં રાખવા સામે પતિના વિરોધ સામે પત્ની વીજળીના થાંભલા પર ચઢી

। (એજન્સી) ગોરખપુર, તા.૫ ।

'શોલે' ફિલ્મમાં હીરો ધર્મેન્દ્ર પ્રેમિકા બસંતી (હેમામાલિની)ને મેળવવા માટે પાણીની ટાંકી પર ચડીને આત્મહત્યા કરવાની ધમકી આપે છે અને પ્રેમિકાને મેળવવામાં સફળ પણ રહે છે. ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં જીવનમાં આનાથી પણ ચડી જાય તેવી એક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે. આ ઘટનામાં એક પરિણીત પ્રેમિકા તેના પ્રેમીને પોતાના ઘરમાં રાખવા માટે પતિ સામે જીદે ચડે છે અને પતિ ન માનતા તે વીજળીના થાંભલા પર ચડીને આત્મહત્યા કરી લેવાની ધમકી આપે છે. જોકે આ મહિલાને સમજાવીને ઉતારી લેવામાં આવે છે અને એક હાઈવોલ્ટેજ ડ્રામાનો સુખદ અંત આવે છે.

#### મધ્યપ્રદેશ હાઇકોર્ટનો રસપ્રદ ચુકાદો

# શાકમાં મીઠું ઓછું, મરચું વધારે છે, જેવી ટકોર માનસિક ક્રૂરતા નથી

### ઘરના કામોમાં સાસુ દ્વારા કરાયેલી ટીકા-ટીપ્પણી કે કેટલાક વાંધાઓના કારણે વહુને માનસિક રીતે ઉત્પીડન થાય છે




। (એજન્સી) જબલપુર, તા.૫ ।

મધ્યપ્રદેશ હાઈકોર્ટે તાજેતરમાં એક રસપ્રદ ચુકાદો આપ્યો છે. આ ચુકાદામાં હાઈકોર્ટે કહ્યું કે, સાસુ દ્વારા વહુને ઘરના રોજિંદા કામમાં ટોકવી કે શાકભાજીમાં મીઠુ ઓછું છે કે મરચું વધારે છે, એવી ટકોર કરવી કે પ્રશ્નો પૂછવા ખોટા નથી અને આ પ્રકારના પ્રશ્નો કાયદાની કલમ ૪૯૮એ હેઠળ માનસિક ક્રૂરતાની શ્રેણીમાં આવતા નથી. આ સાથે હાઈકોર્ટે અરજદાર સાસુની વિરુદ્ધ દાખલ એફઆઈઆરને રદ કરવાનો આદેશ આપ્યો છે.

જસ્ટિસ ગુરુપાલ સિંહ અહલુવાલિયાની સિંગલ બેન્ચે ચુકાદામાં કહ્યું કે, જો ઘરના કામોમાં સાસુ દ્વારા કરાયેલી ટીકા-ટીપ્પણી કે કેટલાક વાંધાઓના કારણે વહુને માનસિક રીતે ઉત્પીડન થાય છે, તો એમ કહી શકાય કે વહુ અતિસંવેદનશીલ હોઈ શકે છે, પરંતુ કેટલાંક વિવાદોની સાથે ઘરેલુ કાર્યોનું ધ્યાન રાખવું એ ચોક્કસપણે ક્રૂરતાની શ્રેણીમાં આવતું નથી. હાઈકોર્ટના જસ્ટિસ અહલુવાલિયાએ અરજદાર અલકા શર્મા(સાસુ) દ્વારા દાખલ અરજીનો સ્વીકાર કરતી વખતે આ ટિપ્પણીઓ કરી છે. ઉલ્લેખનીય છે કે અરજદાર સાસુ(અલકા શર્મા) એ પોતાની અરજીમાં વહુ દ્વારા આઈપીસીની કલમ ૪૯૮એ, આઈપીસીની કલમ ૩૪ અને દહેજ પ્રતિબંધિત કાયદાની કલમ ૩ અને ૪ હેઠળની એફઆઈઆર અને કાર્યવાહી રદ કરવાની માંગ કરી હતી.

હકીકતમાં, જે સમયે વહુ(પ્રતિવાદી)ના લગ્ન અરજદાર અલકા શર્માના પુત્ર સાથે થયા હતા, એ સમયે અલકા શર્મા ઉતરાખંડના ચકરાતામાં સરકારી નોકરી કરી રહ્યા હતા. પુત્રના લગ્ન થયાના ચાર મહિના પછી અલકા શર્મા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને પુત્ર-વહુ સાથે રહેવા પૂણે આવી ગયા હતા. વહુના આરોપો મુજબ, મારા સાસુ રોજિંદા કામમાં અવરોધ પેદા કરવા માંડ્યા અને ટોક-ટોક કરવા માંડ્યા હતા. એમાં મારા પતિ પણ પોતાની માતાને સાથ આપવા માંડ્યા. વહુએ એવો પણ આરોપ લગાવ્યો કે સાસુ વારંવાર પુત્રની કુંડળીમાં બે લગ્નનો ઉલ્લેખ કરતા હતા.

# યુપી મદરેસા એક્ટને રદ કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે લગાવ્યો

। (એજન્સી) બિહાર, તા.૫ ।

સુપ્રીમ કોર્ટે યુપી મદરેસા એક્ટને રદ્દ કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી દીધી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે સુનાવણી હાથ ધરી હતી અને સરકાર અને અન્ય પક્ષકારોને નોટિસ જારી કરી હતી. કોર્ટે કહ્યું કે અમે વિવિધ પક્ષકારોને સાંભળ્યા અને વિચાર્યા. યુપી સરકાર પણ આ નિર્ણયના સમર્થનમાં છે. તેમનું કહેવું છે કે તેઓ ૯૬ કરોડ રૂપિયા આપી શકતા નથી. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે, હાઈકોર્ટમાં પડકારવાની માંગ કરતી અરજીઓ પર કોર્ટે યુપી સરકાર સહિત અન્ય તમામ પક્ષકારોને નોટિસ પાઠવી છે. હાઈકોર્ટે આ કાયદાને ફગાવી દીધો છે અને આદેશ આપ્યો છે કે વિદ્યાર્થીઓની રાજ્ય દ્વારા બદલી કરવામાં આવશે. તેનાથી તમામ ૧૭ લાખ બાળકોના શિક્ષણના ભાવિ પર



અસર થશે. કોર્ટે કહ્યું કે અમારું માનવું છે કે આ સૂચના પ્રથમ દૃષ્ટિએ યોગ્ય નથી. રાજ્ય સરકાર સહિત તમામ પક્ષકારોએ ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં સુપ્રીમ કોર્ટમાં તેમનો જવાબ દાખલ કરવાનો રહેશે. પિટિશન જૂન ૨૦૨૪ના બીજા સપ્તાહમાં અંતિમ નિકાલ માટે લિસ્ટ કરવામાં આવશે. ૨૨ માર્ચ ૨૦૨૪ના હાઈકોર્ટના આદેશ અને નિર્ણય પર સ્ટે રહેશે. અગાઉ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૧૭ લાખ છે. હાઈકોર્ટે પહેલા યથાસ્થિતિ જાળવી રાખી હતી. પરંતુ બાદમાં તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું હતું. હાઈકોર્ટે આપેલું કારણ ઘણું વિચિત્ર છે.યુપી સરકારના આદેશ પર વિજ્ઞાન, હિન્દી અને ગણિત સહિતના તમામ વિષયો ભણાવવામાં આવી રહ્યા છે. તેમ છતાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ૧૨૦ વર્ષ જૂના કોડ (૧૯૦૮નો મૂળ કોડ)ની સ્થિતિ છે. ૧૯૮૭ના નિયમો હજુ પણ લાગુ પડે છે. તેમણે કહ્યું કે સરકારે ૩૦ મે ૨૦૧૮ના રોજ આદેશ જારી કર્યો હતો. તેમાં મદરેસામાં વિવિધ વિષયો શીખવવાના નિયમો હતા. જેથી મદરેસાઓ પણ હાલની શાળાઓની જેમ શિક્ષણ આપી શકે. મદરેસાઓનો અભ્યાસક્રમ પણ અન્ય શાળાઓ જેવો જ છે. આમ છતાં હાઈકોર્ટે આપેલો નિર્ણય આશ્ચર્યજનક છે. મદરેસાના શિક્ષણને ધાર્મિક આધાર પર ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું છે. સિંઘવીએ કહ્યું કે હાઈકોર્ટે કહ્યું છે કે જો તમે કોઈ ધાર્મિક વિષય શીખવો છો તો તે ધાર્મિક આસ્થા પ્રદાન કરે છે, જે ધર્મનિરપેક્ષતાની વિરુદ્ધ છે. આજે ગુરુકુળો એટલા માટે પ્રખ્યાત છે કારણ કે તેઓ સારા કામ કરી રહ્યા છે. મારા પિતા પાસે પણ ડીગ્રી છે, તો શું આપણે તેમને બંધ કરીને કહીએ કે આ હિન્દુ ધાર્મિક શિક્ષણ છે? આ શું છે? તેમણે પૂછ્યું કે શું આ ૧૦૦ વર્ષ જૂના શાસનને ખતમ કરવાનો આધાર છે? એવી દલીલ પણ કરી કે શિમોગા જિલ્લામાં એક ગામ છે, જ્યાં આખું ગામ સંસ્કૃત બોલે છે અને આવી સંસ્થાઓ છે. મને આશા છે કે બેંચને આ જગ્યા વિશે ખબર પડશે. સુનાવણી દરમિયાન, CJIએ પૂછ્યું કે શું મદરેસાઓ ખાનગી ક્ષેત્ર દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

## વિશેષ

**૫ વર્ષનો આંકડો અત્યંત ચોંકાવનારો । વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં નોટામાં ૧.૦૬ ટકા મત પડ્યા હતા તો વર્ષ ૨૦૧૪માં ૧.૦૮ ટકા મત પડ્યા**

# ગત લોકસભા ચૂંટણીમાં ૬૫ લાખથી વધુ મતદારોએ NOTAનું બટન દબાવ્યું

ચૂંટણીમાં કોઈપણ ઉમેદવારને મત ન આપવા માટે ઈવીએમમાં નોટાનો વિકલ્પ આપવામાં આવ્યો છે, ત્યારથી દેશભરમાં મતદારોના એક અલગ-અલગ વલણો જોવા મળી રહ્યા છે. જ્યારે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં નોટામાં ૧.૦૬ ટકા મત પડ્યા હતા. તો વર્ષ ૨૦૧૪માં ૧.૦૮ ટકા મત પડ્યા હતાં. છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં બિહાર સહિત ઘણાં રાજ્યો અને કેન્દ્રશાસિત પદેશોમાં મોટી સંખ્યામાં નોટામાં મત પડ્યા હતા.

વર્ષ ૨૦૧૯માં લગભગ ૧.૦૬% મતદારોને લાગ્યું કે કોઈ ઉમેદવાર તેમના મતને લાયક નથી અને તેમણે નોટાનું બટન દબાવ્યું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી છ અઠવાડિયા સુધી ચાલી હતી અને લોકસભા ચૂંટણીના ઈતિહાસમાં સૌથી વધુ મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચ અનુસાર, ૨૦૧૯માં મતદાનની ટકાવારી ૬૭.૧૧ ટકા હતી. આ ચૂંટણીમાં સૌથી વધુ લોકોએ




આસામ અને બિહારમાં ૨.૦૮ ટકા લોકોએ નોટાનું બટન દબાવ્યું હતું, જ્યારે સિક્કિમમાં સૌથી ઓછું ૦.૬૫ ટકા નોટામાં મત પડ્યા હતા.ત્યારબાદ આંધ્ર પ્રદેશમાં ૧.૫૪ ટકા અને છત્તીસગઢમાં ૧.૪૪ ટકા નોટામાં મત પડ્યા હતા. જો કેન્દ્રશાસિત પ્રદેશોની વાત કરીએ તો દમણ અને દીવમાં સૌથી વધુ ૧.૭૦ ટકા મત નોટામાં પડ્યા હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કુલ ૬૫.૨ લાખ મત નોટામાં પડ્યા હતા, જેમાંથી ૨૨,૨૭૨ મત પોસ્ટલ બેલેટ હતા. લોકસભા ચૂંટણી ૨૦૧૪માં દેશમાં ૫૯,૯૭,૦૫૪ મતદારોએ નોટોનો વિકલ્પ પસંદ કર્યો હતો. વર્ષ ૨૦૧૪માં મેઘાલયમાં સૌથી વધુ ૨.૮ ટકા મત નોટામાં પડ્યા હતા. આ પછી છત્તીસગઢ ૧.૮ ટકા અને ગુજરાતમાં ૧.૭ ટકા લોકોએ નોટાનું બટન દબાવ્યું હતું. કેન્દ્રશાસિત પ્રદેશોની વાત કરીએ તો પુડુચેરીમાં સૌથી વધુ ૩.૦૧ ટકા મત નોટામાં મત પડ્યા હતા અને દેશમાં કુલ ૬૦.૨ લાખ મત નોટામાં પડ્યા હતા. એક અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ની વચ્ચે પાંચ વર્ષમાં રાજ્ય અને લોકસભા ચૂંટણીઓમાં અંદાજે ૧.૨૯ કરોડ મત નોટામાં પડ્યા હતા. રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં સરેરાશ ૬૪.૫૩ લાખ મત નોટામાં પડ્યા હતા. કુલ ૬૫,૨૩,૯૭૫ (૧.૦૬ ટકા) મત નોટામાં પડ્યા હતા. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ચૂંટણી માટે ઈવીએમમાં નોટાનું બટન ઉમેદરવામાં આવ્યું હતું. નિષ્ણાતોના મતે સપ્ટેમ્બર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ભારતની ચૂંટણીઓમાં નોટાની રજૂઆત કરવામાં આવી હતી. પક્ષોને નાપ સંદ ઉમેદવારોને મેદાનમાં ઉતારતા અટકાવવા માટે નોટાનો વિકલ્પ દાખલ કરવાની જરૂરિયાત પડી હતી. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને બેલેટ પેપર/ઈવીએમમાં જરૂરી જોગવાઈઓ કરવા નિર્દેશ આપ્યો હતો, જેથી મતદારો મેદાનમાં રહેલા કોઈપણ ઉમેદવારને મત ન આપવાનો નિર્ણય લઈ શકે. સપ્ટેમ્બર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના આદેશ પછી ચૂંટણી પંચે મતદાન પેનલ પર છેલ્લા વિકલ્પ તરીકે ઈવીએમમાં નોટાનું બટન ઉમેર્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ પહેલાં જે લોકો કોઈપણ ઉમેદવારને મત આપવા તૈયાર ન હતા તેમની પાસે ફોર્મ ૪૯-ઁ ભરવાનો વિકલ્પ હતો.

### સુરતના બારડોલીમાં રૂપાલા મામલે વિરોધ પ્રદર્શન

# બારડોલીમાં પ્રાંત અધિકારીને રાજપૂત સમાજ ટ્રસ્ટે આવેદન આપ્યુ

### રાજપૂત સમાજની એક જ માંગ છે કે રૂપાલાની ઉમેદવારી રદ્દ થાય



। (એજન્સી) બારડોલી, તા.૫ ।

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ આપેલા વિવાદીત નિવેદનને લઈને સુરતના બારડોલીમાં પ્રાંત અધિકારીને રાજપૂત સમાજ ટ્રસ્ટએ આવેદન આપ્યું હતું. આવેદન આપીને તેમના વિવાદીત નિવેદનને લઈને વિરોધ નોંધાવ્યો અને રાજપૂત સમાજની એક જ માંગ છે કે પરશોતમ રૂપાલાની ઉમેદવારી રદ્દ થાય. રૂપાલાને ઉમેદવાર તરીકે બદલવામાં નહીં આવે તો મહિલાઓ દ્વારા પણ ઉગ્ર લડતની ચીમકી આપવામાં આવી હતી. છેલ્લા દસ દિવસથી રાજ્યમાં પરષોત્તમ રૂપાલાને લઈ રાજપૂત સમાજમાં ભારે વિરોધના સૂર ઉઠ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં પણ આવેદનપત્ર સહિતના કાર્યક્રમમાં યોજવામાં આવી રહ્યાં છે. રાજપૂત સમાજના અગ્રણી રાજકોટ બેઠક ઉપર રૂપાલાને ઉમેદવાર તરીકે બદલવાની માંગ સાથે અડગ છે. ત્યારે આજે સુરતના બારડોલી ખાતે બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.પરષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ યથાવત જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ પાટીદાર સમાજ કેટલાક અગ્રણીઓ પરશોતમ રૂપાલાના સમર્થનમાં આવ્યા છે. પરશોતમ રૂપાલાના નિવેદન સામે વિવિધ સમાજના અલગ-અલગ મત છે. અલગ પ્રકારનું રાજકીય ચિત્ર ઉભું થઈ રહ્યું છે.

રાજકોટ બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ રજવાડા અંગે એક નિવેદન આપ્યું છે. જે વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, રૂખી સમાજે ધર્મ કે વ્યવહાર નહોતો બદલ્યો. સૌથી વધુ દમન થયુ છતા રૂખી સમાજ નહોતો ઝૂક્યો.

### દિલ્હી મુલાકાત બાદ ઝંઝાવાતી પ્રચારમાં લાગ્યા રૂપાલા

# ક્ષત્રિયોના કુળદેવીના દર્શન કરીને રૂપાલાએ પ્રચારના શ્રીગણેશ કર્યા

### અમદાવાદમાં તેમના નિવાસ સ્થાને ભાજપના મોવડીઓ દ્વારા બંધબારણે બેઠક યોજવામાં આવી હતી

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

ગુજરાતમાં રૂપાલા વર્સિસ ક્ષત્રિય વોરનો હજી પણ સુખદ અંત આવ્યો નથી. આ વોર હવે પાટીદાર વર્સિસ ક્ષત્રિયો પર ડાયવર્ટ થઈ છે. સતત વિરોધ વચ્ચે ક્ષત્રિયોના કુળદેવીના દર્શન કરી રૂપાલાએ પ્રચારની શરૂઆત કરી છે. રાજકોટમાં પરશોત્તમ રૂપાલાએ ચૂંટણી પ્રચાર કર્યો. હજી ગઈકાલે જ રૂપાલા દિલ્હીથી પરત આવ્યા છે. જેના બાદ અમદાવાદમાં તેમના નિવાસ સ્થાને ભાજપના મોવડીઓ દ્વારા બંધબારણે બેઠક યોજાઈ હતી. ત્યારે શું બધુ થાળે પડી ગયું છે એવી ચર્ચા વહેતી થઈ છે. રૂપાલાએ નવા જુસ્સા સાથે આજે ચૂંટણીના પ્રચાર શરૂ કર્યા છે. સતત વિરોધ વચ્ચે ક્ષત્રિયોના કુળદેવીના દર્શન કરી રૂપાલાએ પ્રચારની આજે શરૂઆત કરી. રાજકોટમાં પરશોત્તમ રૂપાલાએ ચૂંટણી પ્રચાર કર્યો. ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે મા આશાપુરાના દર્શન કરી પ્રચારની શરૂઆત કરી છે. અમીન માર્ગ પર પરશોત્તમ રૂપાલાએ ડોર ટૂ ડોર પ્રચાર કર્યો. રૂપાલા સાથે સાંસદ રામ મોકરિયા, ધારાસભ્ય દર્શિતા શાહ, રમેશ ટીલાળા અને ઉપાધ્યક્ષ ભરત બોઘરા ઉપસ્થિત રહ્યા હતી.



ચૂંટણી પ્રચારમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ રાજકોટની મહિલા મિલનમાં પરસોતમ રૂપાલાએ ટિફિન બેઠક કરવા આમંત્રણ આપ્યું. રૂપાલાએ કહ્યું, જેના અન્ન ભેગા તેના મન ભેગા. દેશમાં મહિલા શક્તિને આગળ વધારવામાં આવી રહી છે. હું પણ ક્યાંક મહિલા શક્તિને સહયોગ આપવાનો પ્રયાસ કરીશ. આમ, ટિફિન બેઠકથી પ્રચાર અને સંવાદ કરવા આહવાન કર્યું. રૂપાલાના નિવેદનથી ક્ષત્રિય સમાજના રોષ હજી પણ યથાવત છે. ત્યારે આવતીકાલે રાજકોટમાં ક્ષત્રિય સમાજની કોર કમિટીની બેઠક મળશે. સમાજના આગામી કાર્યક્રમ અંગે કોર કમિટીની બેઠકમાં નિર્ણય લેવાશે. ક્ષત્રિય સમાજની સ્પષ્ટતા મહાસંમેલનની કોઈ સત્તાવાર તારીખ જાહેરાત કરાઈ નથી. બીજી તરફ, રૂપાલાના વિરોધ વચ્ચે રૂપાલા બોયકટના પેમ્પલેટ ડોર ટુ ડોર ફરતા કરાયા. રાજકોટના અલગ અલગ વિસ્તારોમાં પદ્મિનીબા સહિતની ક્ષત્રિય મહિલાઓએ રૂપાલા બોયકોટનો પ્રચાર શરૂ કર્યો. જેમાં લખ્યુ છે કે, બહેનો દીકરીઓ વિશે બોલનારને માતાજી ક્યારેય પણ માફ કરશે નહીં. માતાજી પણ ખુદ એક શક્તિ છે. આવતીકાલે રાજકોટમાં મહારેલી યોજવામાં આવશે.

# ગાંધીધામમાં યુવકના બુટના સોલમાંથી હેરોઈન મળ્યું

### ગાંધીધામ ભચાઉ હાઈવે પરથી પૂર્વ કચ્છના સ્પેશ્યલ ઓપરેશન ગૃપે ડ્રગ્સનું વેચાણ કરતા શખ્સને ઝડપી પાડ્યો

। (એજન્સી) ભૂજ, તા.૫ ।

ગાંધીધામ ભચાઉ હાઈવે પરથી પૂર્વ કચ્છના સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા સરાજાહેર હેરોઈન ડ્રગ્સનું વેચાણ કરતા શખ્સને ઝડપી પાડ્યો હતો. તેની પાસે બુટના સોલ નીચે છુપાવેલું ૩૨ લાખનું હેરોઈન ડ્રગ્સ ઝડપાયું હતું. જેમાં બે આરોપી પોલીસ પકડથી દૂર છે. ઝડપાયેલ આરોપીને ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ઝડપાયેલ આરોપીને લઈને પંજાબ રવાના થઈ છે.

પુર્વ કચ્છ ગાંધીધામની એસઓજી દ્વારા લોકસભાની ચૂંટણીઓ નજીક છે ત્યારે એસપી સાગર બાગમાર દ્વારા અપાયેલી સુચના અનુસાર એસઓજીની ટીમ સતર્ક હતી ત્યારે બાતમી મળી હતી કે ગાંધીધામની ભાગોળે એ.વી. જોષી કંપનીના પુલીયા પાસે એક શખ્સ હેરોઈન વેંચી રહ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે શૈક્ષણિક સંકુલમાંથી પંચોને લઈને સિકંદરાબાદ ટિમ્બર વર્કસ સામેના સર્વિસ રોડ પર વાહન ઉભુ રાખીને બાતમી અનુસારનો શખ્સ સામે આવતા તેને કોર્ડન કરીને પકડી લીધો હતો.

ઝડપાયેલા આરોપી સીમરનજીતસિંઘ ધરમસિંઘ સિંબે, તરનતારન, પંજાબનો રહેવાસી છે. આ પેડલરે બન્ને પગના બુટની સોલમાંથી



બે ગઢ્ઢા કઢાવાયા હતા જેની તપાસ કરતા તે માદક પદાર્થ હેરોઈનનો જથ્થો હોવાનું ખુલ્યું હતું. કુલ ૬૪.૨૦ ગ્રામ કે જેની કિંમત ૩૨.૧૦ લાખ થવા જાય છે. આરોપી પાસેથી મોબાઈલ, એસટી અને રેલવેની ટીકીટ મળી કુલ ૩૨,૨૦,૪૭૦ લાખના મુદામાલને જપ્ત કરાયો હતો. આ સાથે મુદામાલને વેચાણ કરવા આપનાર અને હાજર ન મળેલા આરોપી રાહુલ (રહે. તરનતારન પંજાબ) અને નિરજ ઉર્ફે પંડિત ઓમપ્રકાશ તિવારી (રહે. ગાંધીધામ) સામે ગુનો નોંધીને તપાસનો દોર આગળ ધપાવ્યો હતો. ઝડપાયેલ આરોપી સીમરનજીતસિંઘને પોલીસ દ્વારા કાલે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જેમાં કોર્ટે ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પૂર્વ કચ્છ પોલીસ આરોપીને લઈને પંજાબ જવા રવાના થઈ ગઈ હતી. કચ્છ જિલ્લામાં આગાઉ પણ જે ડ્રગ્સ પકડાયું છે તેના આરોપી પંજાબના તરનતારન જિલ્લાના હતા. પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી જેમાં બે આરોપી પોલીસ પકડથી હજુ દૂર છે.

### માત્ર ભાજપ તરફી મતદાન કરાવવા મહેનત કરો

# બનાસકાંઠામાં કાર્યકર્તાઓની બેઠકમાં પાટીલે કરેલી ટકોર

### પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત સહિતના નેતાઓ જોડાયા હતા

। (એજન્સી) ડીસા, તા.૫ ।

લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર-પ્રસાર ધમધમતો કરી દેવામાં આવ્યો છે. ત્યારે પ્રદેશ પ્રમુખના અધ્યક્ષ સ્થાને બનાસકાંઠાનાં ડીસા ખાતે ભાજપની જીલ્લા કક્ષાની કાર્યકર્તાઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખે બુથ પ્રમુખોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં હાલ ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે. ત્યારે ભાજપ ચૂંટણી પ્રચારને વેગવંતો બનાવવામાં આવ્યો છે. બનાસકાંઠાનાં ડીસા ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનાં અધ્યક્ષ સ્થાને કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં બનાસકાંઠા જીલ્લાનાં ૨૧૬૦ બુથ પ્રમુખોએ ચૂંટણીલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું. તેમજ બુથ પ્રમુખોને પ્રદેશ પ્રમુખ દ્વારા ચૂંટણી



પ્રચારમાં લાગી જવા માટે કહ્યું હતું. ડીસા ભાજપની જીલ્લા કક્ષાની કાર્યકર્તા બેઠકમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત સહિતના નેતાઓ બેઠકમાં જોડાયા હતા. તેમજ પ્રદેશ પ્રમુખ દ્વારા ચૂંટણી સુધી તમામ કામ સાઈડમાં મૂકી દેવા પાટીલની ટકોર કરી હતી. તેમજ માત્રને માત્ર ભાજપ તરફી મતદાન કરાવવા મહેતન કરી હતી. બનાસકાંઠાનાં ડીસા ખાતે પ્રદેશ પ્રમુખનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ બુથ પ્રમુખ સંમેલનમાં પ્રદેશ પ્રમુખે કહ્યું હતું કે, બહુ બોલવા માટે કે ભાષણ કરવા માટે આવ્યો નથી. તેમજ એવું પણ ન માની લેવાય કે ૫ લાખ મતથી જીતીએ છીએ. ત્યારે મે ૧૮૨ વિધાનસભા જીતવાની વાત કરી હતી. પણ તમને કોઈને વિશ્વાસ ન હતો. તેમજ મને પણ મારામાં વિશ્વાસ ન હતો. પણ અહીં બેઠેલા બુથ પ્રમુખો ઉપર વિશ્વાસ હતો.

### ઝાલોદ નગરમાં

# રામનવમીની ભવ્ય ઉજવણીના આયોજન અંગે સનાતન હિન્દુ ધર્મ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરમાં તારીખ ૦૪-૦૪-૨૦૨૪ ના રોજ રાત્રીના ૮:૦૦ વાગે વણકતલાઈ હનુમાનજી મંદિર ખાતે આગામી તારીખ ૧૭-૦૪-૨૦૨૪ બુધવારના રોજ રામનવમીના ઉત્સવના આયોજન અંગે સનાતન હિન્દુ ધર્મ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રામનવમી ઉજવણી અંગેની તબક્કાવાર રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. તેમજ આ ધાર્મિક આયોજન કેવી રીતે ભવ્ય બનાવવું તે અંગે ઉપસ્થિત હિન્દુ સમિતિના સહુ લોકોના મંતવ્ય લેવામાં આવ્યા હતા. તેમજ આ ઉજવણી અંગે રૂપરેખા પ્રમાણે અલગ અલગ જવાબદારી સોપવામાં આવી હતી તેમજ આ ઉજવણીને હજુ વિશેષ કેવી રીતે બનાવવુ તે અંગે વિચારણા કરી આયોજનને ગતિશીલ કરવામાં આવેલ હતું.આ બેઠકમાં મોટા પ્રમાણમાં હિન્દુ સમાજના લોકો ઉપસ્થિત રહેલ હતા. તેમજ આ ઉત્સવમાં હિન્દુ સમાજના નાના, મોટા સૌ લોકો જોડાય તે મુદ્દે ચર્ચા કરાઈ હતી. હિન્દુ સમાજના આ ઉત્સવને ખૂબ જ ઉમંગ ઉલ્લાસ સાથે નગરમાં શાંતિમય વાતાવરણ ઉજવાય તે અંગે સહુ લોકોને સૂચન કરવામાં આવ્યું હતું.

# બાળકોમાં સ્કારલેટ ફિવરના કેસમાં વધારો જોવા મળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં હાલમાં બાળકોમાં સ્કારલેટ ફિવરના કેસ વધી રહ્યા છે. શહેરના એક પીડિયાટ્રિશિયને એક બાળકીને સ્કારલેટ ફિવર હોવાનું નિદાન કર્યું હતું. આ બાળકીને હાઈ-ગ્રેડ તાવ હતો અને તેના શરીર પર લાલ ચકામા પણ હતા. તેના માતા-પિતાને શરૂઆતમાં એવું લાગ્યું હતું કે તેને વાયરલ ચેપ હશે. જોકે, ડોક્ટરે બાળકીની લાલચટક જીભ અને ગળાની તપાસ કરી ત્યારે તેને સ્કારલેટ ફિવર હોવાની પુષ્ટી થઈ હતી. શહેરમાં છેલ્લા એક મહિનાથી સ્કાર્લેટ ફીવરનો કહેર જોવા મળી રહ્યો છે. બાળરોગ નિષ્ણાતો દ્વારા લક્ષણોની ઝડપી માન્યતાના કારણે તેની ઝડપથી સારવાર થઈ શકે છે. એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ (AOP) ગુજરાતના ભૂતપૂર્વ પ્રમુખ ડો. ચેતન ત્રિવેદીએ જણાવ્યું હતુ કે વાયરલ તાવ અને સ્કારલેટ તાવ વચ્ચેનો પ્રાથમિક તફાવત ઉધરસની ગેરહાજરી છે. સ્કારલેટ ફિવર સ્ટ્રેપ્ટોકોકસ પાયોજેન્સના કારણે પેદા થાય છે. તેમણે જણાવ્યું હતું કે, તે હાઈ-ગ્રેડ તાવથી શરૂ થાય છે, પછી સેન્ડપેપર જેવી ફોલ્લીઓ થાય છે અને ઘણી વખત ઘસરકા થયા હોય તેવા ચીન્હો જોવા મળે છે. ત્યારબાદ ગળામાં ખૂબ બળતરા સાથે જીભ અને ગળું લાલ થઈ જાય છે. ત્યારપછીના તબક્કામાં દર્દીઓ ખાસ કરીને હાથ અને પગની ચામડીમાંથી છાલ ઉતારવાની પણ ફરિયાદ કરે છે. તેમણે કહ્યું હતું કે, આ તાવની સારવાર થઈ શકે છે અને લક્ષણો સામાન્ય રીતે એક થી બે અઠવાડિયા સુધી રહે છે. પરંતુ યોગ્ય સારવારથી તે એકથી બે દિવસમાં બિન-ચેપી થઈ જાય છે. સમયસર સારવાર કરવાથી હદયને અસર કરી શકે તેવા સંધિવા તાવ જેવી કોમ્પિલિકેશનને અટકાવે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે જ્યારે તેમને એક મહિનામાં સ્કારલેટ તાવના ૧-૨ કેસ વ્યક્તિગત રીતે મળે છે, ત્યારે ઘણા ક્લિનિક્સ અને બાળકોની હોસ્પિટલોમાં દિવસમાં પાંચથી ૧૦ કેસ આવી રહ્યા છે. AOP ગુજરાતના ભૂતપૂર્વ પ્રમુખ ડો. નિશ્ચલ ભટ્ટે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં સ્કારલેટ તાવનો વ્યાપ સૌથી વધુ છે. બેક્ટેરિયલ ચેપ ડ્રોપલેટ દ્વારા ફેલાય છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨